dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue - 84 | AD - 2024, Magashirsha Vad - 12 | Friday, Dt.27-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




## યુવાનોને સશક્ત બનાવવા એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છેઃ વડાપ્રધાન

# દેશ અને રાષ્ટ્રહિતથી મોટું કંઈ નથી, દેશ માટે કરવામાં આવેલ દરેક કાર્ય બહાદુરી છે : મોદી

નવીદિલ્હી,તા.૨૬

વીર બાલ દિવસના અવસર પર, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં વડાપ્રધાનના રાષ્ટ્રીય બાળ પુરસ્કાર ૨૦૨૪ પ્રાપ્તકર્તાઓ સાથે મુલાકાત કરી અને વાતચીત કરી. રાષ્ટ્રપતિએ ભારત મંડપમ ખાતે ૧૭ બહાદુર બાળકોનું સન્માન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીર બાલ દિવસ પર સાહિબજાદાઓની અસાધારણ બહાદુરી અને બલિદાનને યાદ કર્યું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે તે બલિદાન અને બહાદુરી અને તેમના મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માતા ગુજરી જી અને શ્રી ગુરુ ગોવિંદ સિંહ જીની બહાદુરીને યાદ કરી હતી.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ૨૬ ડિસેમ્બર એ દિવસ છે જ્યારે આપણા સાહિબજાદાઓએ નાની ઉંમરમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું. સાહિબજાદા જોરાવર સિંહ અને સાહિબજાદા ફતેહ સિંહ નાના હતા, પરંતુ તેમની હિંમત આકાશ કરતા ઉંચી હતી. સાહિબજાદાઓએ મુઘલ સલ્તનતના દરેક લોભને નકારી કાઢ્યા અને દરેક અત્યાચાર સહન કર્યા. જ્યારે તેમને દિવાલમાં જીવતા ચણી લેવાનો આદેશ આપવામાં આવ્યો, ત્યારે સાહિબજાદાઓએ પૂરી બહાદુરી સાથે તેનો સ્વીકાર કર્યો. સાહિબજાદાઓએ તેમના જીવનનું બલિદાન આપવાનું સ્વીકાર્યું, પરંતુ વિશ્વાસના માર્ગથી ભટક્યા ન હતા. વીર બાળ દિવસનો આ દિવસ આપણને શીખવે છે કે પરિસ્થિતિ કેટલી પણ મુશ્કેલ હોય, દેશ અને રાષ્ટ્રહિતથી મોટું કંઈ નથી. દેશ માટે કરવામાં આવેલ દરેક કાર્ય બહાદુરી છે." આજે આપણે ત્રીજા વીર બાલ દિવસ કાર્યક્રમનો ભાગ બની રહ્યા છીએ. ત્રણ વર્ષ પહેલા અમારી સરકારે વીર સાહિબજાદાઓના બલિદાનની અમર સ્મૃતિમાં વીર બાલ દિવસ ઉજવવાનું શરૂ કર્યું હતું. હવે આ દિવસ કરોડો દેશવાસીઓ અને સમગ્ર દેશ માટે રાષ્ટ્રીય પ્રેરણાનો તહેવાર બની ગયો છે. આ દિવસે ભારતના ઘણા બાળકો અને યુવાનોને અદમ્ય હિંમતથી ભરી દીધા છે. તેમણે કહ્યું - "૨૬મી ડિસેમ્બરનો તે દિવસ, જ્યારે આપણા સાહિબજાદાઓએ નાની ઉંમરમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું હતું. સાહિબજાદા જોરાવર સિંહ અને સાહિબજાદા ફતેહ સિંહ આયુષ્યમાં નાના હતા, પરંતુ તેમની હિંમત આસમાન કરતા પણ ઉંચી હતી. સાહિબજાદાઓએ મુઘલ સલ્તનત સામે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. જ્યારે તેમને દિવાલમાં જીવતા ચણી લેવાનો આદેશ આપવામાં આવ્યો, ત્યારે સાહિબજાદાઓએ તેમનો સંપૂર્ણ સ્વીકાર કર્યો હતો.







# કર્ણાટકમાં કોંગ્રેસ સત્રના પોસ્ટરમાં ભારતનો ખોટો નકશો દર્શાવાતા વિવાદ

બેંગ્લુરૂ,તા.૨૬



કર્ણાટકના બેલગાવીમાં કોંગ્રેસનું સત્ર શરૂ થાય તે પહેલા જ ભાજપને આજે તૈયાર મુદ્દો મળી ગયો. વાસ્તવમાં, બેલગાવી કોંગ્રેસ સંમેલન માટે શહેરમાં લગાવવામાં આવેલા પોસ્ટરોમાં ભારતનો નકશો છે, પરંતુ નકશામાં કાશ્મીરનો ભાગ ગાયબ છે. બેલગાવીમાં આવા પોસ્ટરો જોઈને ભાજપે તેને મુદ્દો બનાવ્યો છે. આ પોસ્ટરમાં બનેલા ભારતના નકશામાં કાશ્મીરનો સમાવેશ કરવામાં આવ્યો નથી. આ અંગે હજુ સુધી કોંગ્રેસ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રિન્ટિંગ પ્રેસના માલિકની ભૂલને કારણે શહેરના એક વિસ્તારમાં આવા પોસ્ટરો લગાવવામાં આવ્યા હતા, પરંતુ ભૂલનો અહેસાસ થતાં જ આ પોસ્ટરો તાત્કાલિક દૂર કરવામાં આવ્યા હતા. ભાજપના સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે ભારતના નકશા સાથે છેડછાડ સહન કરવામાં આવશે નહીં. આનાથી કોંગ્રેસનો રાષ્ટ્રવિરોધી ચહેરો સામે આવ્યો છે. કોંગ્રેસ ભારતને તોડવાના સપના જોઈ રહી છે.







# મોસ્ટ વોન્ટેડ આતંકવાદી મસૂદ અઝહરને હાર્ટ એટેકની અસર

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૬



ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદી અને જૈશના નેતા મૌલાના મસૂદ અઝહરને હાર્ટ એટેક આવ્યો છે. તે અફઘાનિસ્તાનના ખોસ્ત પ્રાંતમાં છુપાયેલો હતો. અહીં જ તેમને હાર્ટ એટેક આવ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હુમલા બાદ તરત જ મસૂદ અઝહરને અફઘાનિસ્તાનથી પાકિસ્તાન લઈ જવામાં આવ્યો હતો. તેમને કરાચીની સંયુક્ત સૈન્ય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

અહેવાલો અનુસાર, કાર્ડિયોલોજિસ્ટ ઈસ્લામાબાદથી કરાચી પહોંચ્યા હતા. મસૂદ અઝહરને ખોસ્ત પ્રાંતના ગોરબાઝ વિસ્તારમાંથી પાકિસ્તાન મોકલવામાં આવ્યો હતો. તેમને ટૂંક સમયમાં રાવલપિંડીની મોટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી શકે છે. પાકિસ્તાનની આ કાર્યવાહી સ્પષ્ટપણે દર્શાવે છે કે તેણે આતંકવાદી મસૂદ અઝહરને મુક્તિ આપી દીધી છે.






# ગજેરા કેમ્પસ ખાતે "ગિફ્ટ ઓફ જોય"નો અનોખો કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૬

શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસની શાળાઓના તમામ વિદ્યાર્થીઓએ પોતાના ઘરેથી બિનજરૂરી ચીજવસ્તુઓ લાવીને જરૂરિયાતમંદ બાળકોને તેનું વિતરણ કર્યું હતું. આ વિદ્યાર્થીઓએ કપડા, સ્કૂલ બેગ, સ્ટેશનરી વગેરે જેવી બિનવપરાશી અનેક ચીજવસ્તુઓ



જરૂરિયાતમંદ લોકોને આપીને મદદરૂપ થવાની ખુશી અનુભવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે, શાળામાં અભ્યાસ સાથે જીવન મૂલ્યોનું ઉચ્ચ વિચાર સાથેનું ઘડતર થાય અને બાળકો જે સમાજ અને દેશનું ભાવિ છે તેમાં એકબીજાને મદદરૂપ થવાના ગુણ નાનપણથી જ કેળવાય. આથી સંસ્થામાં આવા કાર્યક્રમો યોજાય છે. આ કાર્યમાં તમામ સુપરવાઈઝર, પ્રિન્સિપાલ અને કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

# ગંભીર બીમારીથી પીડાતા બે બાળકોની સારવાર માટે સરકારે રૂ. એક-એક લાખ મંજૂર કર્યા

**અમરેલી જિલ્લાના આર્થિક નબળા પરિવારોને મદદ માટે ધારાસભ્ય જનક તળાવીયાએ જહેમત ઉઠાવી**

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાં આર્થિક રીતે નબળા પરિવારોના બે બાળકોને ગંભીર બીમારી થતાં તેમની સારવાર માટે મુખ્યમંત્રી રાહત ફંડમાંથી એક-એક લાખ રૂપિયા મંજૂર થયા છે. આ બંને બાળકોની બીમારી અંગે લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને જાણ થતાં તેમણે સરકારમાંથી આ સહાય મેળવવા માટે રજૂઆત કરી હતી.

દામનગર નજીક આવેલા ધ્રુફણીયા ગામના નિલેશભાઈ દયાળભાઈ વસાણીને કેન્સર હોવાથી તેમની સારવાર



નવસારીની યેશા હોસ્પિટલમાં ચાલી રહી છે. આ ઉપરાંત બાબરા તાલુકાના લાલકા ગામના ગોપાલ ચંદ્રેશભાઈ રોજાસરાની જીબીએસ બીમારીની સારવાર રાજકોટની સાનિધ્ય ચાઈલ્ડ કેરમાં ચાલી રહી છે. બંને જરૂરિયાતમંદ પરિવારોને સરકારની આર્થિક સહાય અપાવવામાં ધારાસભ્ય જનકભાઈએ જહેમત ઉઠાવી હોવાથી લોકો તેમની કામગીરીને બિરદાવી રહ્યા છે.

# ચલાલામાં માતાએ કપડા ધોવાનું કહેતા પુત્રીએ રકઝક કરી એસિડ પીધું

ચલાલા, તા.૨૬

ચલાલામાંથી એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. એક માતાને તબિયત બરાબર ન હોવાથી તેણે પુત્રીને કપડાં ધોવા કહ્યું હતું. જેથી તેને સારું નહીં લાગતા બંને વચ્ચે રકઝક થઈહતી. જેને લઈ લાગી આવતાં થોડું એસિડ પી લીધું હતું. ચલાલા પોલીસ સ્ટેશના હેડ કોન્સ્ટેબલ રાઘવભાઈ અરજણભાઈ સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના વોર્ડ નં. ૫ અને ૧૧નો સંયુક્ત આયુષ્યમાન વય વંદના કાર્ડ, રેશનકાર્ડ ઈ-કેવાયસી કેમ્પ યોજાયો

અમરેલી, તા.૨૬

હાલમાં સરકાર દ્વારા આયુષ્યમાન વય વંદના કાર્ડ અને રેશનકાર્ડ ઈ-કેવાયસી પ્રક્રિયા ચાલી રહી છે. પરંતુ આ પ્રક્રિયામાં ૭૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તે લોકોને ઘરની નજીક સુવિધા પુરી પાડવાના હેતુથી સારહી યુથ કલબ ઓફ અમરેલી અને તાલુકા હેલ્થ કચેરી દ્વારા આ કેમ્પનું આયોજન કરાયું હતું. આજે અમરેલીના વોર્ડ નં.૧૧ તથા વોર્ડ નં.૫ના સંયુક્ત કેમ્પનું આયોજન ખેડૂત તાલીમ કેન્દ્ર, ચકરગઢ રોડ ખાતે કરાયું



હતું, જેમાં બહોળા પ્રમાણમાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મુકેશભાઈ સંઘાણી, બિપીનભાઈ લીંબાણી, સુરેશભાઈ શેખવા, સંજય(ચંદુ)રામાણી, કાળુભાઈ પાનસુરીયા, નરેશભાઈ મહેતા, ચિરાગભાઈ ત્રિવેદી, દિલાભાઈ વાળા, હરેશભાઈ કાબરીયા, હરેશભાઈ ચાવડા, અશ્વિનભાઈ કાનાણી, ચિરાગભાઈ ચાવડા, સનીભાઈ ડાબસરા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# SEDI રાજુલા દ્વારા ટ્રેનિંગ પૂર્ણ કરનાર સ્નાતકોને નોકરી પ્રસ્તાવ સોંપાયા

રાજુલા,તા.૨૬

રાજુલાની SEDI ટીમે 'સફળતા તમારા દરવાજે' પહેલ અંતર્ગત મહત્વપૂર્ણ કાર્યવાહી કરી છે. જેમાં CNC ઓપરેટર જૉબ રોલ ટર્નિંગ ટ્રેનિંગ પૂર્ણ કરેલા સ્નાતકોને તેમના ઘરે જઈને તેમના પરિવારની ઉપસ્થિતિમાં વ્યક્તિગત રીતે નોકરીના પ્રસ્તાવ પત્ર સોંપ્યા હતા. આ પહેલને ગુજરાત પિપાવાવ પોર્ટ લિમિટેડ, APM Terminals અને અંબુજા ફાઉન્ડેશન દ્વારા નાણાકીય અને ટેકનિકલ સહાય



મળી છે. આ વિસ્તારનાં ભેરાઈ, દેવપરા, વડ, ડાટાડી, નિંગલા અને અન્ય ગામોમાં આ પહેલનો અમલ શરૂ થયો છે.

# સનરાઈઝ વિદ્યાલય દ્વારા તુલસી પૂજનની ઉજવણી કરવામાં આવી

અમરેલી, તા.૨૬

અમરેલી ખાતે સનરાઈઝ વિદ્યાલયના બાળકો દ્વારા ધાર્મિક સંસ્કારોનું સિંચન થાય તેવા હેતુથી માતા તુલસીનું પૂજન કરવામાં આવ્યું હતું. બાળકો દ્વારા તુલસી માતાની આરતી ઉતારી કંકુ ચોખાથી મા તુલસીના વધામણા કરવામાં આવ્યા હતા. તુલસીના છોડનું ઘરમાં મહત્વ



અને તેની ઉપયોગીતા વિશે માહિતી શાળાના સંચાલક જયેશભાઈ ઉપાધ્યાય દ્વારા આપવામાં આવી હતી.

# જીથુડીમાં સંત શિરોમણી શંભુપુરી બાપુની ૨૩મી પુણ્યતિથિની ઉજવણી

અમરેલી, તા.૨૬

કુંકાવાવ તાલુકાના જીથુડી ગામે પંચમુખી હનુમાનજી આશ્રમ ખાતે સંત શિરોમણી શંભુપુરી બાપુની ૨૩મી પુણ્યતિથિની



ભવ્યથી ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. આશ્રમમાં બપોરના ૧૨:૦૦ કલાકે હનુમાનજી મહારાજની મહાઆરતી કરવામાં આવી હતી. ત્યારબાદ, આશ્રમમાં આવેલા ૫૦૦થી ૭૦૦ ભાવિક ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

# ધારીના દલખાણીયા પ્રાથમિક શાળામાં કબડ્ડીની સ્પર્ધા યોજાઈ

ધારી, તા.૨૬

ધારીના દલખાણીયા પ્રાથમિક શાળામાં તા. ૨૧/૧૨/૨૦૨૪ થી ૨૫/૧૨/૨૦૨૪ દરમિયાન ૫૦મી જુનિયર ભાઈઓ-બહેનોની કબડ્ડી ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચ દિવસ સુધી ચાલેલા આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાત રાજ્યમાંથી અનેક ટીમોએ ભાગ લીધો હતો. બહેનોની સ્પર્ધામાં રાજ્યના ૨૧ જિલ્લાની ટીમોએ ભાગીદારી નોંધાવી હતી, જેમાં મોરબીની ટીમે શાનદાર પ્રદર્શન



કરીને વિજેતાનો ખિતાબ પોતાના નામે કર્યો હતો. ભાઈઓની ટુર્નામેન્ટમાં કુલ ૩૦ જિલ્લાની ટીમોએ પ્રતિનિધિત્વ કર્યું હતું, જેમાં વડોદરાની ટીમે બાજી મારી અને ચેમ્પિયન બની હતી.

# સાવરકુંડલાની કાણકિયા કોલેજમાં વીર બાળ દિવસની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલાની વી.ડી. કાણકિયા કોલેજમાં આજે વીર બાળ દિવસની ભવ્ય ઉજવણી થઈ હતી. આ દિવસ શીખ ધર્મના દસમા ગુરુ, ગુરુ ગોવિંદસિંહના બે નાના પુત્રો સાહિબજાદા, બાબા જોરાવર સિંહ અને બાબા ફતેહ સિંહની યાદમાં ઉજવવામાં આવે છે. આ કાર્યક્રમનું આયોજન શહેર ભાજપ દ્વારા કરાયું હતું. આ તકે કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓ



ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ભાજપના નવનિયુક્ત પ્રમુખ અનિરુદ્ધસિંહ રાઠોડનું સન્માન કરાયું હતું. આ દિન વિષે શહેર ભાજપના પૂર્વ પ્રમુખ પ્રવીણભાઈ સાવજે વિસ્તૃત માહિતી આપી હતી. કોલેજના આચાર્ય રવૈયાએ જણાવ્યું હતું કે, વીર બાળ દિવસ આપણામાં દેશપ્રેમ અને બલિદાનની ભાવના જગાવે છે. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# નવકાર સ્કૂલ ઓફ આર્ટ્સના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ : ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા

અમરેલી, તા.૨૬

અમરેલી કલાનગરી તરીકેની ઓળખ ધરાવે છે અને આ ઓળખને જાળવી રાખવા અને અમરેલીના કલા વારસાને આગળ વધારવાના પ્રયાસો નવકાર સ્કૂલ ઓફ આર્ટ્સ દ્વારા ઘણા સમયથી કરવામાં આવી રહ્યા છે. નવકાર સ્કૂલ ઓફ આર્ટ્સના ફાઉન્ડર કેતન મહેતા છેલ્લા ઘણા વર્ષોથી અમરેલીમાં ડાન્સ, ગરબા, ઝુંબા, સ્કેટિંગ, ડ્રોઈંગ, ગિટાર, યોગા જેવી




કૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા છે. થોડા દિવસ પહેલાં યોજાયેલી "રંગોત્સવ સેલિબ્રેશન" નામની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં નવકાર સ્કૂલ ઓફ આર્ટ્સના ૧૦૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો, જેમાંથી ૩૦થી વધુ બાળકોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને મેડલ અને સર્ટિફિકેટ મેળવ્યા હતા. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીતીને શાળા અને અમરેલીનું નામ રોશન કર્યું છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?




મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# ધારી તાલુકાના અને ચલાલા શહેરના નવનિયુક્ત ભાજપ પ્રમુખોનો સન્માન કાર્યક્રમ

ચલાલા, તા.૨૬





શ્રી ભોજલરામ નાગરિક શરાફી સહકારી મંડળી લી. ચલાલાના કાર્યાલય ખાતે નવનિયુક્ત ધારી તાલુકા ભાજપના પ્રમુખ મુગેશભાઈ કોટડીયા તેમજ ચલાલા શહેર ભાજપ પ્રમુખ જીતેન્દ્રભાઈ કાથરોટીયાનું શ્રી ભોજલરામ નાગરિક શરાફી સહકારી મંડળી લી. ના ચેરમેન ગોરધનભાઈ ગેડીયા, વાઈસ ચેરમેન ગિરધરભાઈ છભાયા, ડિરેક્ટર ગુણવંતભાઈ ભંડેરી, દલસુખભાઈ ભેંસાણીયા તેમજ પરેશભાઈ કાથરોટીયા, વિનુભાઈ કાથરોટીયા, દિનેશભાઈ માળવીયા, ગુણવંતભાઈ કાથરોટીયા દ્વારા હાર, શાલ, હળ તેમજ ચલાલા શહેર ખોડલધામ સમિતિના કન્વીનર મયુરભાઈ કાથરોટીયા, મનોજભાઈ બગસરીયા, સુરેશભાઈ કાકડીયા, આનંદભાઈ માળવીયા, રોનકભાઈ કાથરોટીયા દ્વારા હાર, શાલ ખેસ પહેરાવી સન્માન કરરવામાં આવ્યું હતું. તેમજ પટેલવાડી ચલાલાના પ્રમુખ ઘનશ્યામભાઈ કાકડીયા, દેવરાજભાઈ પાનસુરીયા, ભાયલાલભાઈ જ્યાણી, ધનજીભાઈ કાથરોટીયા તેમજ બચુભાઈ કાથરોટીયા દ્વારા પણ સન્માન કરાયું હતું.

# કુંકાવાવ ખાતે ટેકાના ભાવે ખરીદી કરવાની શરૂઆત કરાવતા ધારાસભ્ય કૌશિક વેકરીયા

અમરેલી, તા.૨૬



**કૌશિક વેકરીયાના પ્રયત્નોથી ખેડૂતોને ઘરઆંગણે સુવિધાનો લાભ મળ્યો**

કુંકાવાવ -વડીયા વિસ્તારના ખેડૂતોને ઘણી સમસ્યાઓ હતી. ખેતરમાં પાકેલો પાક વેચવા જવો હોય તો બગસરા અને અમરેલી જવું પડતું હતું. અત્યાર સુધી ટેકાના ભાવે જણસી વેચવા માટે ખેડૂતોને બગસરા કે અમરેલી જવું પડતું હતું. આઝાદી પછી પહેલીવાર ખેડૂતોને ઘરઆંગણે આ સુવિધાનો લાભ મળ્યો છે. કુંકાવાવમાં ડ્રીમ સીટી પ્રોજેક્ટ ખાતે મગફળી કેન્દ્રની શરૂઆત કરાવી મગફળીની ખરીદી કરવાની સરકારી વ્યવસ્થા કૌશિકભાઈએ ઊભી કરાવી છે.

# દામનગરના રાભડા પ્રાથમિક શાળાના શિક્ષકોની વતનમાં બદલી થતા ભાવુક દ્રશ્યો સર્જાયા

દામનગર, તા.૨૬



દામનગરના રાભડા પ્રાથમિક શાળાના શિક્ષકોની વતનમાં બદલી થતાં ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. રાભડા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા મોટીવેશનલ સ્પીકર શિક્ષક મહેશભાઈ મોટકા અને પટેલ મીનાબેનની વતનમાં બદલી થતાં સમગ્ર રાભડા પ્રાથમિક શાળામાં ભાવુક વિદાય આપવામાં આવી હતી. વ્હાલા સ્વજન જેટલી જ વસમી વિદાય આપતા સ્થાનિક અગ્રણીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓએ ચોધાર આંસુએ "મા" જેટલું સ્તર ધરાવતા બંને શિક્ષકોને વિદાય આપી હતી.

# અમરેલી જિલ્લામાં ડ્રાયવિંગ લાયસન્સ વગર વાહન ચલાવતાં શખ્સો સામે કાર્યવાહી

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાં ડ્રાયવિંગ લાયસન્સ વગર તેમજ કેફી પીણું પીને વાહન ચલાવતાં લોકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જિલ્લામાં આવા ૧૨ લોકોને કાયદાનું ભાન કરાવવામાં આવ્યું હતું. જ્યારે ૯ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીને જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. ચાર મહિલા સહિત નવ લોકો પાસેથી ૪૨ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# સાવરકુંડલામાં અટલજીને પુષ્પાંજલિ અને નવા ભાજપ પ્રમુખોનું ભવ્ય સ્વાગત

સાવરકુંડલા,તા.૨૬



સાવરકુંડલામાં ભારતીય રાજનીતિના યુગપુરુષ અને પ્રજાસત્તાક ભારતના ઓજસ્વી નેતા, 'ભારત રત્ન' શ્રદ્ધેય અટલ બિહારી વાજપેયીજીની ૧૦૦મી જન્મજયંતિ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સુશાસન દિવસના અવસરે સત્વ અટલ ધારા કાર્યાલય ખાતે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીજીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ સાથે જ સાવરકુંડલા શહેર ભાજપના નવા મંડળ પ્રમુખ તરીકે અનિરૂદ્ધસિંહ રાઠોડ અને તાલુકા ભાજપ પ્રમુખ તરીકે હિતેશભાઈ ખાત્રાણીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ મેહુલ ત્રિવેદી, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, જિલ્લા ઉપપ્રમુખ શરદભાઈ પંડ્યા, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ પ્રવિણભાઈ સાવજ, એ.પી.એમ.સી. ચેરમેન દિપકભાઈ માલાણી, નગરપાલિકાના હોદ્દેદારો તેમજ શહેર અને તાલુકા ભાજપના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લામાંથી ૨૫ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાંથી પોલીસે ૨૫ પ્યાસીને ઝડપી લોકઅપની હવા ખવરાવતાં ઠંડીમાં પણ પરસેવો વળી ગયો હતો. ૧૧ શખ્સો કેફી પીણું પીધેલી હાલતમાં વાહન ચલાવતાં મળી આવ્યા હતા. કોવાયા ગામે બાલકૃષ્ણ હોટલ પાસેથી એક મહિલાના રહેણાંક મકાનેથી દેશી દારૂ બનાવવાનો ૪૫ લીટર આથો ઝડપાયો હતો. ચાર મહિલા સહિત ૧૫ લોકો પાસેથી ૫૦ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# જિલ્લામાં નશામાં ચૂર થઈને વાહન ચલાવતાં ૧૭ ઝડપાયા

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાં નશામાં ચૂર થઈને વાહન ચલાવતાં ૧૭ ઈસમો ઝડપાયા હતા. જ્યારે ત્રણ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. માવજીંજવા, ઓળીયા તથા ચમારડી ગામેથી ૯ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.


ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક:
9925084788
8200268079

સંકુલ PG બોયઝ કોલેજ - મંજુરી પ્રક્રિયા ચાલુ
★ સંકુલ માં M.Sc. માઈક્રોબાયોલોજી – M.Sc. બાયોટેક્નોલોજી ગર્લ્સ કોલેજ ચાલુ છે – બોયઝ કોલેજ ની મંજુરી માંગેલ છે.
★ સંકુલ માં M.Com ઈંગ્લીશ મિડીયમ – M.Com. ગુજરાતી મિડીયમ ગર્લ્સ કોલેજ ચાલુ છે. – બોયઝ કોલેજની મંજુરી માંગેલ છે.
★ સંકુલ માં MA ઈંગ્લીશ – MA સાયકોલોજી – MA સોસીયોલોજી ગર્લ્સ કોલેજ ચાલુ છે. – બોયઝ કોલેજ ની મંજુરી માંગેલ છે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી - Ad 086

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ
• કેરાટીન • શાઈનર
• હાઈલાઈટસ • નેલ આર્ટ
• સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા
• બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ
• નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન
• હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
PROFESSIONAL spa Amreli
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં**

નં.જન્મ/ કેસ/રજી.નં.૧૦૬/૨૦૨૪

પ્રતિ,
શ્રી બાબુભાઈ કરશનભાઈ રાઠોડ
રહે.વડનગર , તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ... અરજદાર
વકીલશ્રી એસ.જે.મેર રહે. કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વડનગર તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વડનગર ગામના રહીશ **શ્રી બાબુભાઈ કરશનભાઈ રાઠોડ તથા શ્રી વર્ષાબેન બાબુભાઈ રાઠોડની પુત્રી શ્રી કોમલ બાબુભાઈ રાઠોડનો જન્મ** તા.૦૧/૦૬/૨૦૧૭ માં કોડીનાર તાલુકાના વડનગર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના વડનગર ગામના સને ૨૦૧૭ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૭/૧૨/૨૦૨૪ના રોજ મારી સહિ તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહિ
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર


શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# લીલીયા મોટા ખાતે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી

લીલીયા, તા.૨૬




લીલીયા તાલુકા ભાજપ કાર્યાલય ખાતે તાલુકા ભાજપના નવનિયુક્ત પ્રમુખ જીગ્નેશ સાવજના અધ્યક્ષ સ્થાને સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભીનું નવનિયુક્ત પ્રમુખ જીગ્નેશ સાવજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. પૂર્વ પ્રમુખ ભનુભાઈ ડાભીની આગેવાનીમાં જિલ્લા પંચાયતની બંને સીટો તાલુકા પંચાયત તેમજ ત્યાર પછી આવેલી વિધાનસભાની ચૂંટણીમાં મહેશભાઈ કસવાલાને તેમજ લોકસભાની આવેલી ચૂંટણીમાં ભરતભાઈ સુતરીયાને જીત અપાવવામાં અગત્યની ભૂમિકા ભજવી હતી ત્યારે ભનુભાઈ ડાભીની શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રદેશ ભાજપ દ્વારા પણ નોંધ લેવામાં આવી હતી. સુશાસન દિવસની ઉજવણીમાં તાલુકા ભાજપના અનેક અગ્રણીઓ, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી રેલવે બ્રોડગેજ પ્રોજેક્ટ માટે સાંસદને રજૂઆત

**ઐતિહાસિક રેલવે સ્ટેશનની જાળવણી અને નવા રૂટની માગણી સાથે મિશન બ્રોડગેજની મહત્વપૂર્ણ રજૂઆત**

અમરેલી, તા.૨૬



અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાને આજે મિશન બ્રોડગેજના પ્રતિનિધિમંડળે મહત્વપૂર્ણ રજૂઆત કરી હતી. આ રજૂઆતમાં અમરેલી રેલવે બ્રોડગેજ પ્રોજેક્ટને વહેલી તકે પૂર્ણ કરવા અને કામગીરી ઝડપી બનાવવાની માગણી કરવામાં આવી હતી. ૧૧૨ વર્ષ જૂના અમરેલીના ઐતિહાસિક રેલવે સ્ટેશનને જાળવી રાખવાની માગણી સાથે, વર્તમાન મીટરગેજ રેલવે સેવાને પરા સ્ટેશનથી ચાલુ રાખવાનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો. આ ઉપરાંત બ્રાહ્મણ સોસાયટી પાસે નવા રેલવે સ્ટેશનની શક્યતા ચકાસવાની માગણી પણ કરવામાં આવી હતી. મહુવા-સુરત-બાંદ્રા રેલવે રૂટમાં ફેરફાર કરી તેને ધોળાથી બોટાદ અને બોટાદથી ધંધુકા થઈને ચલાવવાની દરખાસ્ત મૂકવામાં આવી, જેનાથી ૨૮ કિલોમીટરનો રૂટ ઘટશે અને સુરેન્દ્રનગર-વિરમગામના લાંબા રૂટને બદલે સીધો માર્ગ મળશે. રેલવે કમિટીના સભ્ય તરીકે નિમણૂક બદલ ભરતભાઈ સુતરીયાનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ રજૂઆતમાં રાજેશભાઈ ગાંધી, વિપુલભાઈ ભટ્ટી, દિપકભાઈ મહેતા, હરેશભાઈ સેદાણી, અજયભાઈ અગ્રાવત, જાવેદભાઈ ખાન, પંકજભાઈ રાજ્યગુરુ અને દિલખાશભાઈ શેખ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાના સેંજળ ગામે પાણીમાં ડૂબી જવાથી યુવકનું મૃત્યુ

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલાના સેંજળ ગામે પાણીમાં ડૂબી જવાથી એક યુવકનું મોત થયું હતું. બનાવ અંગે ગણેશભાઈ ભારમલભાઈ વાઘેલા (ઉ.વ.૬૫)એ જાહેર કર્યા મુજબ, જયસુખભાઈ ગણેશભાઈ વાઘેલા (ઉ.વ.૪૦) ધ્યાન સ્વામી સરોવરામાં ન્હાવા માટે ગયા ત્યારે ઉંડા ખાડામાં ગરકાવ થઈ જતાં પાણીમાં ડૂબી જવાથી મરણ પામ્યા હતા. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે. લીલીયા મોટા ખાતે રહેતા રવિભાઈ અશોકભાઈ વાળા (ઉ.વ.૨૯)એ અગમ્ય કારણોસર ઘઉંમાં નાઉખવાના ઝેરી ટિકડા પી લેતાં સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. સાજીયાવદર ગામે એક મહિલાએ બીમારીથી કંટાળી ઝેરી પાવડર પીધો હતો.

# સાવરકુંડલાની વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં રાષ્ટ્રીય ગ્રાહક દિવસની ઉજવણી

સાવરકુંડલા,તા.૨૬



સાવરકુંડલાની શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં રાષ્ટ્રીય ગ્રાહક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજની ગ્રાહક સુરક્ષા ક્લબ, એનએસએસ, ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલા અને તાલુકા કાનૂની સેવા સમિતિ સાવરકુંડલાના સંયુક્ત ઉપક્રમે આ ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રિન્સિપાલ ચાવડાએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને તેમનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ નિષ્ણાતોએ ગ્રાહકોને તેમના અધિકારો વિશે માહિતગાર કર્યા હતા. જિલ્લા તોલમાપ અધિકારી જે.પી. બારીયા, તાલુકા નિરીક્ષક જે.કે. રબારી, એડવોકેટ મુકેશભાઈ સાદરાણી, પત્રકાર પાંધી, ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ એડવોકેટ રમેશભાઈ હિરાણી, એડવોકેટ પાયલબેન ગઢીયા અને હર્ષદભાઈ જોશી વગેરેએ ગ્રાહક સુરક્ષાને લગતી ઉપયોગી માહિતી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સમગ્ર કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થિનીઓએ સહકાર આપ્યો હતો.

# સાવરકુંડલામાં દવાખાનાના ઓટલા પરથી મોબાઈલ ચોરાયો

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલામાં મહુવા રોડ પર આવેલા એક દવાખાનાના ઓટલા પરથી મોબાઈલની ચોરી થઈ હતી. બનાવ અંગે હંસાબેન હસમુખભાઈ પરમાર (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પતિને મહુવા રોડ પર આવેલા ડો.પીપળીયાના દવાખાને દાખલ કર્યા હતા. તેઓ દવાખાના બહાર ઓટા પર બેઠા હતા અને બાજુમાં ફોન મૂક્યો હતો. જેની અજાણ્યો ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કિરણભાઈ બકુલભાઈ ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાના નાના ભમોદ્રા ગામે સીઆરપીએફની ટ્રેનિંગ પૂર્ણ કરી વતન આવેલા જવાનનું ભવ્ય સ્વાગત

સાવરકુંડલા, તા.૨૬



સાવરકુંડલાના નાના ભમોદ્રાના સોહમ મનીષભાઈ ધીમેચા સીઆરપીએફની ટ્રેનિંગ પૂર્ણ કરી માદરે વતન પધાર્યા ત્યારે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ગામમાં ફૂલેકું કાઢીને તેમને હારતોરા કરવામાં આવ્યા હતા. જવાન સોહમ ધીમેચાએ ઉત્તરપ્રદેશના અમેઠીમાં ટ્રેનિંગ પૂર્ણ કરી હતી અને હવે તેનું પોસ્ટિંગ પંજાબના ચંડીગઢમાં કરવામાં થયું છે. ફૂલેકા દરમિયાન સમગ્ર ગામ ભારત માતા કી જય, વંદે માતરમના નારાથી ગુંજી ઉઠ્યું હતું. તેમજ મોટી સંખ્યામાં ગામલોકો હાજર રહ્યા હતા. ગામના અગ્રણી અને પૂર્વ કૃષિ મંત્રી ધીરૂભાઈ દૂધવાળા, સરપંચ ભરતભાઈ કથીરિયા, બાબુભાઈ પીપળીયા, ભનુભાઈ સવજીભાઈ ખુંટ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોએ જવાનનું સ્વાગત કરી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામના પાઠવી હતી.

# જેતપુરમાં નિકાહ બાદ પતિએ શંકા કરી ઢીકાપાટુ માર્યા

અમરેલી, તા.૨૬

અમરેલીમાં રહેતી એક યુવતીના નિકાહ જેતપુરના યુવક સાથે થયા હતા. નિકાહ બાદ તેના પતિએ શંકા કરી તેને ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. બનાવ અંગે સલમાબેન હનીફભાઈ અગવાન (ઉ.વ.૩૫)એ શબીરભાઈ હારૂનભાઈ ચૌહાણ, હારૂનભાઈ ઈશાભાઈ ચૌહાણ, ખતીજાબેન હારૂનભાઈ ચૌહાણ તથા સમીરભાઈ હારૂનભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપી નિકાહ બાદ તેમને નાની નાની બાબતોમાં ઘરકામ તેમજ અન્ય મુદ્દે મેણાટોણા મારીને દુઃખ ત્રાસ આપતા હતા. ઉપરાંત શંકા કરી ઢીકાપાટુનો માર મારી, ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી.

# જિલ્લામાંથી વધુ બે મહિલા લાપતા બની

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાંથી વધુ બે મહિલા લાપતા બની હતી. નાળ ગામે રહેતા રાજુભાઈ વિઠ્ઠલભાઈ ખંઢેલાએ જાહેર કર્યા મુજબ, કોમલબેન સુખાભાઈ ખંઢેલા તેમની બંને દીકરી સાથે પિયર જવાનું કહીને નીકળ્યા બાદ ગુમ થયા હતા અને કોઈ ભાળ મળી નહોતી. જ્યારે સવિતાબેન મગનભાઈ સોલંકી (ઉ.વ.૬૫)એ જાહેર કર્યા મુજબ, તેની પુત્રી સોનલબેન કિશનભાઈ ચુડાસમા (ઉ.વ.૩૫) હિંડોરણા ગામેથી કોઈને કહ્યા વગર જતી રહી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.ડી. લાધવા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: બારસ
તા. ૨૭-૧૨-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૧૨,
સૂર્યાસ્ત-૦૫:૩૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: વિશાખા

## દૈનિક રાશિફળ

તા.૨૭-૧૨-૨૦૨૪ શુક્રવાર

મેષ: આજે વેપારના ક્ષેત્રમાં મનને અનુકૂળ ફાયદો થવાથી આનંદ થશે. સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા અને પારિવારિક જવાબદારીઓ પૂર્ણ થશે.

વૃષભ: પત્નીને સમસ્યા સર્જાતા ભાગદોડ થઈ શકે છે. મિલકતની ખરીદી અને વેચાણ સમયે તેની પહેલાં મિલકતના તમામ કાયદાકીય પાસાઓ ધ્યાનમાં લો.

મિથુન: આજે તમારી આર્થિક બાજુ મજબુત બનશે. સંપત્તિ, સન્માન, ખ્યાતિ વધશે. અટકેલા કામો પૂરા થશે. પ્રિયજનોને મળશો.

કર્ક: આજનો દિવસ પરોપકારમાં વિતાવશો, જેમાં તમને માનસિક શાંતિ પણ મળશે. ક્ષેત્રમાં પણ તમારી તરફેણમાં કેટલાક પરિવર્તન આવી શકે છે.

સિંહ: આજે ઘર માટે ઉપયોગી વસ્તુ પર પૈસા ખર્ચ થશે. આજે કોઈ સંબંધીના કારણે તણાવ વધી શકે છે. વ્યવહારમાં સાવચેત રહો.

કન્યા: પરિવાર સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. સારા નસીબનો સાથ બપોર સુધી મળશે, આનંદદાયી સારા સમાચાર પણ મળશે.

તુલા: આજે શિક્ષણ અને પ્રતિસ્પર્ધાના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિનો યોગ છે. તમારી વાતચીતની શૈલી તમને વિશેષ આદર આપશે.

વૃશ્ચિક: વૈવાહિક જીવન આનંદપ્રદ રહેશે. આજે નજીકની અને દૂરની યાત્રા પણ થઈ શકે છે. ધંધામાં વધતી પ્રગતિ આનંદકારક રહેશે.

ધન: પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી વસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.

મકર: રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો. અટકેલા કામ પણ પૂર્ણ થશે.

કુંભ: આજે તમને વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે અને ધનપ્રાપ્તિનો પણ યોગ છે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે.

મીન: આજે વૃદ્ધોની સેવા કાર્યોમાં પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે. તમે વિરોધીઓ માટે માથાનો દુઃખાવો બની રહેશે.













**તંત્રી લેખ**

# ડુંગળીના ઉત્પાદનમાં સૌરાષ્ટ્રનો સિંહફાળો

ગુજરાત રાજ્યમાં જેટલી ડુંગળી ઉત્પન્ન થાય છે તેનો ૬૪ ટકા સિંહફાળો માત્ર ભાવનગર જિલ્લાના મહુવા તળાજા વિસ્તારનો છે. ડુંગળીની ઉપયોગીતા દિવસે-દિવસે વધતી જાય છે. ગરીબથી માંડી અમીર સુધીના તમામ લોકોની ભોજનની થાળીમાં ડુંગળી વગર ચાલતું નથી. ભાવનગર જિલ્લામાં શિયાળુ ઠંડી જામી જતાં રવી પાકના વાવેતરમાં નોંધપાત્ર વધારો થયો છે. એક જ સપ્તાહમાં જિલ્લામાં વાવેતરમાં ૧૪,૫૦૦ હેકટરનો વધારો થયો છે. ખાસ કરીને ગરીબોની કસ્તૂરી ગણાતી ડુંગળીના વાવેતરમાં એક સપ્તાહમાં નોંધપાત્ર વધારો થયો છે. ગુજરાતમાં ડુંગળીનું કુલ વાવેતર ૨૪,૮૦૦ હેકટર થયું છે અને તે પૈકી એકલા ભાવનગર જિલ્લામાં ડુંગળીનું વાવેતર ૧૫,૯૦૦ હેકટરમાં થતા રાજ્યમાં ડુંગળીનું જે કુલ વાવેતર થયું છે તેના ૬૪.૧૧ ટકા વાવેતર એકલા ભાવનગર જિલ્લામાં થયું છે. ગત વર્ષે ૫૨.૪૦% વાવેતર એકલા ભાવનગર જિલ્લામાં થયું હતું. આમ રાજ્યમાં ડુંગળીના વાવેતરમાં ભાવનગરનો હિસ્સો વધ્યો છે. ગોહિલવાડ પંથકમાં ડિસેમ્બર માસમાં ઠંડીનું પ્રમાણ વધતા હવે રવી પાકના વાવેતરમાં નોંધપાત્ર વધારો હવેના સમયગાળા દરમિયાન થશે. ડુંગળી એ આપણા રસોડામાં સૌથી સામાન્ય અને મહત્વનું શાક છે. તેનો ઉપયોગ લગભગ દરેક પ્રકારના ભોજનમાં થાય છે. ડુંગળી માત્ર સ્વાદ જ નહીં, પરંતુ અનેક પ્રકારના પોષક તત્વોથી પણ ભરપૂર છે. ડુંગળીના ફાયદા અનેક છે. રોગપ્રતિકારક શક્તિ વધારે છે, ડુંગળીમાં વિટામિન સી અને એન્ટીઓક્સિડન્ટ્સ હોય છે જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે, હૃદયને સ્વસ્થ રાખે છે. ડુંગળીમાં રહેલા પોટેશિયમ અને ફ્લેવોનોઈડ્સ બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખે છે અને હૃદય રોગના જોખમને ઘટાડે છે. કેન્સરથી રક્ષણ આપે છે. ડુંગળીમાં કેટલાક એવા તત્વો હોય છે જે કેન્સર કોષોના વિકાસને રોકવામાં મદદ કરે છે. પાચનતંત્રને સ્વસ્થ રાખે છે. ડુંગળીમાં ફાઈબર હોય છે જે પાચનને સુધારે છે અને કબજિયાતથી રાહત આપે છે. વાળ અને ત્વચા માટે ફાયદાકારક ડુંગળીમાં સલ્ફર હોય છે જે વાળને મજબૂત બનાવે છે અને ત્વચાને ચમકદાર બનાવે છે. ડુંગળી વિવિધ પ્રકારની હોય છે જેમ કે: લાલ ડુંગળી:- લાલ ડુંગળીમાં સૌથી વધુ એન્ટીઓક્સિડન્ટ્સ હોય છે. સફેદ ડુંગળીનો સ્વાદ મીઠો હોય છે અને તેનો ઉપયોગ સલાડમાં વધુ થાય છે. પીળી ડુંગળી:- પીળી ડુંગળીનો સ્વાદ મધ્યમ હોય છે અને તેનો ઉપયોગ વિવિધ પ્રકારના ભોજનમાં થાય છે. ડુંગળીનો ઉપયોગ:- ડુંગળીનો ઉપયોગ વિવિધ રીતે કરી શકાય છે જેમ કે: કાચી ડુંગળી સલાડમાં ઉમેરી શકાય છે. ડુંગળીને તળીને ભાજીમાં ઉમેરી શકાય છે. ડુંગળીનો રસ વાળ અને ત્વચા માટે ઉપયોગી છે. ડુંગળીને સૂકવીને પાવડર બનાવીને તેનો ઉપયોગ મસાલા તરીકે કરી શકાય છે. ડુંગળી ખાતી વખતે સાવચેતી:- વધુ પડતી ડુંગળી ખાવાથી ગેસ અને એસિડિટી થઈ શકે છે. જે લોકોને પેટની સમસ્યા હોય તેમણે ડુંગળી ઓછી માત્રામાં ખાવી જોઈએ. ડુંગળી ખાવાથી આંખોમાં પાણી આવી શકે છે. ડુંગળી એ એક એવું શાક છે જે સ્વાદ અને સ્વાસ્થ્ય બંને માટે ફાયદાકારક છે. તેને આપણા રોજિંદા આહારમાં સામેલ કરીને આપણે અનેક રોગોથી બચી શકીએ છીએ. ડુંગળી સમગ્ર ગુજરાતમાં ઉગે છે પરંતુ સૌથી વધુ ડુંગળીનું વાવેતર ભાવનગર જિલ્લામાં થયું છે. ભાવનગર જિલ્લામાં રવી પાકના વાવેતરનો આંક ૪૪,૦૦૦ હેકટરને આંબી ગયો છે. જેમાં ડુંગળીનું વાવેતર ૧૫,૯૦૦ હેકટરે આંબી ગયું છે.

# પાવાગઢ યાત્રા: ધર્મ અને પ્રકૃતિનો અદ્ભુત સંગમ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**


ગુજરાતના પવિત્ર તીર્થધામોમાં પાવાગઢ એક મહત્વનું યાત્રાધામ છે. મહાકાળી માતાના શાપથી ચાંપાનેરના રાજવી પતાઈ રાવળ તથા તેના રાજ્યનું વતન થયું હતું આ કથા ખૂબ જાણીતી છે. પાવાગઢ, ગુજરાતનું એક પ્રસિદ્ધ યાત્રાધામ છે. ડુંગર પર આવેલું મહાકાળી માતાનું મંદિર દેવી ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર છે. મા મહાકાળીની ઉત્પત્તિ અને મહિમા : શૈવપુરાણોમાં શિવ-શક્તિનાં 'સૌમ્ય' અને 'રૌદ્ર' એમ બે સ્વરૂપો બતાવ્યાં છે. અંબિકા, ઉમા કે પાર્વતી સૌમ્ય સ્વરૂપો છે, જ્યારે કાલી, ચંડી કે દુર્ગા રૌદ્ર સ્વરૂપો છે. સ્કંદપુરાણમાં કથા છે કે દારૂક નામના રાક્ષસને સંહારવા પાર્વતીએ શંકરના કંઠમાંથી એક ભયંકર દેવી ઉત્પન્ન કરી. તે કાળા વર્ણની હોવાથી 'કાલિકા' તરીકે ઓળખાઈ. એક પગ શિવની છાતી ઉપર અને બીજો પગ તેમના સાથળ ઉપર મૂકીને ઊભેલી કાલિકાદેવીનું રૂપ જાણીતું છે. પાવાગઢ પર્વતનું પ્રાગટ્ય : મધ્ય ગુજરાતના પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં વડોદરાથી આશરે ૪૬ કિ.મી. દૂર પાવાગઢ પર્વતની ટોચે માતા મહાકાળીના બેસણાં છે. પાવાગઢ પર્વતના પ્રાદુર્ભાવ સંબંધી કેટલીક દંતકથાઓ જાણીતી છે. લોકકથા છે કે પાવાગઢની ખીણના ઉપરના ભાગમાં વિશ્વામિત્ર ઋષિ રહેતા હતા. તેમની પાસે કામધેનુ ગાય હતી. એક વાર ગાય ચરતાં-ચરતાં ખીણમાં પડી ગઈ. તેણે પોતાના દૂધની ધારાઓ વરસાવીને ખીણ ભરી દીધી. તેના ઉપર તરીને તે ઘેર ગઈ. ઋષિએ આ જાણ્યું તો તેમણે પરમાત્માને પ્રાર્થના કરીને ખીણ પૂરી દેવાની માગણી કરી. પરમાત્માએ એક વિરાટ પર્વત મોકલ્યો. તેના પોણા (૩/૪) ભાગથી ખીણ પૂરાઈ ગઈ. બાકીનો પા (૧/૪) ભાગ પર્વત રૂપે રહ્યો હોવાથી તે 'પા-વાગઢ' પર્વત કહેવાયો. બીજી દંતકથા પ્રમાણે, રામના વનવાસ સમયે સીતાજીનું અપહરણ થયું. સીતાજીની શોધમાં નીકળેલા રામે રાવણ સાથે યુદ્ધ કર્યું. લક્ષ્મણ ઘવાયા અને મૂર્છિત થયા. એ સમયે દેશી વનસ્પતિ (સંજીવની)ની જરૂર પડી. હનુમાનજી જડીબુટ્ટી લેવા પહાડ પર ગયા. જડીબુટ્ટી ન ઓળખાતાં હનુમાનજી આખો પહાડ લઈને ઊડ્યા. તે સમયે પહાડમાંથી એક ટુકડો ખરી પડ્યો અને પાવાગઢ ડુંગર બન્યો. ધાર્મિક મહત્વ: મહાકાળી માતાનું મંદિર ૫૨ શક્તિપીઠો પૈકીનું એક છે. માતા શક્તિનાં પવિત્ર સ્થાન એટલે શક્તિપીઠ. શક્તિપીઠ એ હિંદુ ધર્મમાં માતા સતીના અંગો પૃથ્વી પર પડ્યાં હોવાના સ્થાનોને કહેવામાં આવે છે. માન્યતા અનુસાર, દેવી સતીએ પોતાના પિતા દક્ષ પ્રજાપતિ દ્વારા શિવજીનું અપમાન થતાં અગ્નિમાં પ્રવેશ કરી આત્મહુતિ કરી હતી. શિવજીએ તેમનાં મૃતદેહને લઈને બ્રહ્માંડમાં ફરી વળ્યા અને ક્રોધમાં આવીને ત્રિશૂલથી તેમનાં અંગોને ચીર્યા. જે જગ્યાએ તેમનાં અંગો પડ્યાં, ત્યાં શક્તિપીઠોની સ્થાપના થઈ. પાવાગઢ પણ એક શક્તિપીઠ છે. શક્તિપીઠનું મહત્વ: શક્તિપીઠોમાં



દેવીનાં વિવિધ સ્વરૂપોની ઉપાસના કરવામાં આવે છે. તંત્ર સાધના: તંત્ર સાધના માટે શક્તિપીઠો ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. શક્તિપીઠો હિંદુ ભક્તો માટે ધાર્મિક સ્થળો છે. શક્તિપીઠો દેવીની અદ્ભુત શક્તિનું પ્રતીક છે. કેટલીક પ્રખ્યાત શક્તિપીઠો. કામાખ્યા: આસામમાં આવેલું કામાખ્યા મંદિર દેવી કામાખ્યાને સમર્પિત છે. જ્વાલામુખી: હિમાચલ પ્રદેશમાં આવેલું જ્વાલામુખી મંદિર અગ્નિ જ્વાળાને સમર્પિત છે. કાલિકા: કોલકાતામાં આવેલું કાલિકા મંદિર દેવી કાળીને સમર્પિત છે. વૈષ્ણોદેવી: જમ્મુ અને કાશ્મીરમાં આવેલું વૈષ્ણોદેવી મંદિર માતા વૈષ્ણોદેવીને સમર્પિત છે. શક્તિપીઠોની સંખ્યા : શક્તિપીઠોની સંખ્યા વિશે વિવિધ માન્યતાઓ છે. કેટલાંક મુજબ ૫૧ શક્તિપીઠ છે, તો કેટલાંક મુજબ ૧૦૮ છે. શક્તિપીઠોની યાત્રા કરવી એ ભક્તો માટે એક પવિત્ર અનુભવ છે. દેવી માતાના આશીર્વાદ મેળવવા અને મનની શાંતિ માટે ભક્તો શક્તિપીઠોની યાત્રા કરે છે. પાવાગઢ નજીક ચાંપાનેર આવેલું છે. તે ઈતિહાસ અને સંસ્કૃતિનું સંગમ છે. ચાંપાનેર ગુજરાતના પંચમહાલ જિલ્લામાં આવેલું એક ઐતિહાસિક શહેર છે. તે સુંદર કુદરતી વાતાવરણ અને ઐતિહાસિક ઈમારતો માટે પ્રખ્યાત છે. ચાંપાનેરને યુનેસ્કો દ્વારા વિશ્વ ધરોહર સ્થળ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. ચાંપાનેરનો ઈતિહાસ ખૂબ જ રસપ્રદ છે. ૧૫મી સદીમાં ગુજરાતના સુલતાન મહમદ બેગડાએ આ શહેરને તેની રાજધાની બનાવ્યું હતું. તેણે અહીં ઘણી સુંદર ઈમારતો બંધાવી હતી. આ શહેર તે સમયનું એક સમૃદ્ધ અને શક્તિશાળી શહેર હતું. ચાંપાનેર કિલ્લો : આ કિલ્લો ચાંપાનેરનું સૌથી મહત્વપૂર્ણ આકર્ષણ છે. તેની મજબૂત દિવાલો અને મહેલો આજે પણ સારી રીતે સચવાયેલા છે. જુમા મસ્જિદ: આ મસ્જિદ એક સુંદર સ્થાપત્યનું ઉદાહરણ છે. તેનો મિનારો અને ગુંબજ ખૂબ જ આકર્ષક છે. કબરો: ચાંપાનેરમાં ઘણી સુંદર કબરો છે. આ કબરો મુસ્લિમ શાસકો અને અમીરોની છે. ચાંપાનેરની નજીક પાવાગઢ ડુંગર આવેલો છે. આ ડુંગર પર માતાજીનું પ્રસિદ્ધ મંદિર આવેલું છે. ચાંપાનેર નગરની પડતીની કથા : પાવાગઢની નગરી ચાંપાનેર વનરાજ ચાવડાના મંત્રી ચાંપા ભીલે વસાવેલ. ચાંપા ભીલનું રાજય નષ્ટ થયા પછી માતા કાલિકાએ પાવાગઢ ઉપર રાજપૂતી રાજ્યની સ્થાપના કરેલી. એ રાજાઓની પરંપરાનો છેલ્લો રાજા તે પતાઈ રાવળ. એક વાર મહાકાળી માતાના મંદિરના માંચી ચોકમાં નવરાત્રિએ નારીઓ દ્વારા ગવાતા ગરબાથી આકર્ષાઈને આવેલાં કાલિકા માતા પણ ગરબે ઘૂમવા લાગ્યાં. ગરબા જોવા આવેલો રાજા પતાઈ રાવળ તેમનાં તરફ મોહિત થયો. પરિણામે દેવી કાલિકાના અભિશાપથી મહંમદ બેગડાના હાથે ચાંપાનેર-પાવાગઢ રાજ્યનો ઈ.સ. ૧૪૩૮માં નાશ થયો. આજેય ઠેર-ઠેર મળી આવતા અવશેષોમાંથી નગર-વિસ્તારની અને તેની શોભા-સમૃદ્ધિની કલ્પના કરી શકાય છે. મહંમદ બેગડાના મહેલના અવશેષો પણ દેખાય છે. ચાંપાનેર નગરી બાવન બજાર અને ચોર્યાસી ચૌટા ધરાવતી હતી. માતાજી આવી ભવ્ય નગરીનું રક્ષણ કરતાં, પણ પતાઈ રાજાની કુદષ્ટિથી માતાજીએ ચાંપાનેરનો નાશ કર્યો, એમ કહી શકાય. એવી પણ કથા છે કે પતાઈ રાજાની કુદષ્ટિથી માતાજીનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. તેમણે પતાઈ રાજાને શાપ આપ્યો અને માતાજી જમીનમાં સમાવા લાગ્યાં, માતાજીની મૂર્તિ પહાડમાં પ્રવેશવા લાગી. એ સમયે ચંદનશાહ પીર નામના ભક્તે વિનંતી કરતાં માતાજી ત્યાં અટકી ગયાં. આજે પણ પાવાગઢ મંદિરમાં માતાજીનું માત્ર મસ્તક જ બહાર દેખાય છે. પહેલાં ચંદનશાહ પીરની દરગાહ માતાજીના મંદિરની ટોચે હતી, પરંતુ મંદિરના નવનિર્માણ પછી આ દરગાહ માતાજીના મંદિરની બાજુમાં રચાઈ છે. પાવાગઢ યાત્રાનો માર્ગ: પાવાગઢ લગભગ ૮૦૦ મીટર ઊંચો પર્વત છે. તેના ઉચ્ચતમ શિખર પર મા મહાકાળીનું સ્થાનક મંદિર છે. ચાંપાનેરના ભગ્ન કિલ્લાના એક દ્વારથી પાવાગઢ યાત્રાનો આરંભ થાય છે. ઉપર ચડતાં અધવચ્ચે માંચી ગામ આવે છે. અહીં સુધી પગપાળા કે વાહનો દ્વારા આવી શકાય છે. માંચીમાં ધર્મશાળા છે, ખાણીપીણીની પણ વ્યવસ્થા છે. અહીંથી મંદિર સુધી પગપાળા પણ જવાય છે અને 'રોપ-વે'ની પણ સુવિધા છે. માર્ગમાં વચ્ચે તેલીયું તળાવ અને દૂધિયું તળાવ આવે છે. ચાંપાનેર પહોંચવા માટે સૌથી નજીકનું રેલવે સ્ટેશન વડોદરા છે. તમે વડોદરાથી બસ અથવા ટેક્સી દ્વારા ચાંપાનેર પહોંચી શકો છો. ક્યારે જવું : ચાંપાનેરની મુલાકાત લેવા માટે શિયાળાની ઋતુ સૌથી સારો સમય છે. આ સમયે હવામાન ખૂબ જ સુખદ હોય છે. ચાંપાનેરમાં રહેવા માટે ઘણી હોટલ અને ગેસ્ટ હાઉસ છે. ચાંપાનેરમાં જમવા માટે ઘણી જગ્યાઓ છે. તમને અહીં ગુજરાતી અને મુગલાઈ ખાણું મળશે. ચાંપાનેર એક એવું સ્થળ છે જ્યાં તમે ઈતિહાસ અને સંસ્કૃતિનો આનંદ માણી શકો છો. જો તમે ગુજરાતની મુલાકાતે આવો છો તો ચાંપાનેર જરૂરથી જોવું જોઈએ.

**માગશર વદ અમાસના રોજ પાવાગઢ યાત્રા ધામ ખાતે મેળાનો ઉત્સવ હોય છે. ઉપરાંત, તહેવાર અને નવરાત્રિના નવેય દિવસ પાવાગઢમાં ભાતીગળ મેળો ભરાય છે. આ સમયે અનેક શ્રધ્ધાળુઓ પાવાગઢના દર્શને આવે છે**

## શબ્દ સંજોગ-૧૯૨૫



**આડી ચાવી :**
(૧) મહેરબાની (૫)
(૫) આડે લાકડે આડો ... (૩)
(૮) એક સરખો પોશાક (૪)
(૯) ધીમુ, સુસ્ત (૨)
(૧૦) રાજા (૨)
(૧૨) ભાત-ભાતના બનાવાય (૨)
(૧૩) હિંદુ મહિનાનો દિવસ (૨)
(૧૪) ગાયક (૪)
(૧૭) કવિતા રચનાર (૨)
(૧૯) સખાવત, ભિક્ષા (૩)
(૨૧) જે વખતે (૨)
(૨૩) દોષ (૨)
(૨૪) કૂતરો (૨)
(૨૬) આશરે (૪)
(૨૯) સરખુ (૩)
(૩૧) પવન (૩)
(૩૩) એક ધાન (૨)
(૩૪) એક વાનગી (૩)

**ઉભી ચાવી :**
(૧) પ્રેમ માત્ર લેખનની ચીજ નથી, એ તો....ની ભાષા છે (૪)
(૨) પર્વત (૨)
(૩) વ્યક્તિ (૨)
(૪) વેરવિખેર થઈ ગયુ છે (૫)
(૬) એક પેટાઋતુ (૩)
(૭) કેન્સલ કરો (૨)
(૧૧) વટેમાર્ગુ (૩)
(૧૨) મેરા.....મહાન (૩)
(૧૫) કેદખાનામાં રહેવુ તે (૪)
(૧૬) છનો સમૂહ (૩)
(૧૮) ...દસમી (૨)
(૨૦) પ્રેમનો પાયો દઢ... પર જ ટકેલો હોય છે (૩)
(૨૨) પાણીનું પૂર (૨)
(૨૫) બંદગી (૩)
(૨૭) અનાજ માપીને જોખનાર (૩)
(૨૮) બદમાશ (૩)
(૩૦) એક સંખ્યા, નહી (૨)
(૩૨) ઈંટનો કકડો (૨)

## શબ્દ સંજોગ-૧૯૨૪ જવાબ

**આડી ચાવી:** (૧) આખી (૨) વૃશ્ચિક (૪) તાપી (૬) શ્રધ્ધા (૭) સરરર (૮) સાવ (૯) વામ (૧૦) કસ (૧૧) ખમણ (૧૨) કસવું (૧૪) લાળ (૧૫) તીરંદાજ (૧૮) ડમરો (૨૦) માઝા (૨૨) રસમ (૨૪) ફરસી (૨૭) હેં (૨૮) સતાવવું.
**ઉભી ચાવી:** (૧) આથો (૨) વૃધ્ધા (૩) કસમ (૪) તારકસ (૫) પીરસવું (૬) શ્રવણ (૮) સામ (૯) વાદ (૧૧) ખમતીધર (૧૨) કળ (૧૩) હજમ (૧૪) લાટી (૧૬) દાડમ (૧૭) તમા (૧૯) રોફ (૨૧) ઝાલવું (૨૩) સમુ (૨૫) રસ (૨૬) સીતા.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૩૦ | ૧૪૯૮ |
| ઘઉં લોકવન | ૫૮૪ | ૬૨૧ |
| ઘઉં ટુકડા | ૫૯૭ | ૬૬૬ |
| જુવાર સફેદ | ૭૪૦ | ૮૩૧ |
| જુવાર લાલ | ૯૦૦ | ૧૦૭૦ |
| બાજરી | ૪૫૦ | ૫૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ચણા પીળા | ૧૦૯૦ | ૧૩૧૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૪૭૯ |
| અડદ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| મગ | ૧૨૦૦ | ૧૮૦૬ |
| ચોળી | ૧૩૨૫ | ૨૩૮૦ |
| મઠ | ૮૦૦ | ૧૦૫૫ |
| કળથી | ૭૭૫ | ૯૮૦ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૧૯૮ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૬૦ |
| તલી | ૨૧૦૦ | ૨૭૭૬ |
| સુરજમુખી | ૧૧૯૧ | ૧૧૯૧ |
| એરંડા | ૧૧૨૪ | ૧૨૧૪ |
| અજમો | ૧૬૯૯ | ૨૨૦૦ |
| સુવા | ૧૧૨૦ | ૧૧૮૫ |
| સોયાબીન | ૭૭૫ | ૮૩૧ |
| સીંગફાડા | ૧૦૭૫ | ૧૨૬૦ |
| કાળા તલ | ૩૫૫૦ | ૪૯૫૦ |
| લસણ | ૨૦૫૦ | ૪૦૨૦ |
| ધાણા | ૧૩૧૦ | ૧૫૨૧ |
| મરચા સુકા | ૧૨૫૦ | ૩૦૦૦ |
| ધાણી | ૧૪૧૧ | ૧૫૬૦ |
| વરીયાળી | ૧૦૧૧ | ૧૩૫૧ |
| જીરૂ | ૪૦૨૫ | ૪૫૭૦ |
| રાય | ૧૧૫૦ | ૧૩૪૬ |
| મેથી | ૯૭૦ | ૧૨૨૨ |
| રાયડો | ૯૮૦ | ૧૧૨૦ |
| રજકાનું બી | ૩૭૫૦ | ૪૭૫૦ |
| ગુવારનું બી | ૯૧૦ | ૯૭૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૯૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૫ | ૩૬૦ |
| ટમેટા | ૪૦૦ | ૬૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૫૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૮૦ | ૧૨૦ |
| કોબીજ | ૫૦ | ૮૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૬૦ |
| ભીંડો | ૬૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૭૦૦ |
| દુધી | ૧૨૦ | ૧૬૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૬૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૮૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુવેરસીંગ | ૬૦૦ | ૭૫૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૧૬૦ | ૩૦૦ |
| મેથી | ૧૫૦ | ૨૫૦ |
| વાલ | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૩૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| ચણા લીલા | ૨૫૦ | ૭૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૭૦૦ | ૯૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૩૫૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૫૦ | ૧૦૮૯ |
| ગિરનારી શીંગ | ૧૦૪૦ | ૧૩૦૪ |
| શિંગ મોટી | ૮૪૫ | ૧૨૦૮ |
| શિંગદાણા ફાડા | ૯૯૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૬૭૨ |
| તલ કાળા | ૩૦૦૦ | ૪૯૩૧ |
| તલ કાશ્મીરી | ૩૧૩૦ | ૩૨૮૦ |
| બાજરો | ૪૦૦ | ૬૨૫ |
| જુવાર | ૪૫૪ | ૯૦૪ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૫૬ |
| ઘઉં લોકવન | ૫૧૬ | ૬૧૪ |
| મગ | ૯૫૦ | ૧૭૨૦ |
| અડદ | ૮૦૦ | ૧૫૯૨ |
| ચણા | ૮૧૦ | ૧૨૮૩ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૦૮ |
| કપાસ | ૭૦૦ | ૧૫૬૫ |
| એરંડા | ૧૦૯૫ | ૧૨૦૯ |
| જીરૂ | ૨૩૦૦ | ૪૪૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૫૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૩૩ |
| રાજકાનું બી | ૩૬૭૫ | ૪૮૫૦ |
| મરચા લાંબા | ૪૧૦ | ૨૮૫૦ |
| કાંગ | ૬૯૦ | ૬૯૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૨૦ | ૫૪૦ |
| રીંગણાં | ૨૪૦ | ૫૦૦ |
| ફુલાવર | ૧૨૦ | ૨૫૦ |
| કોબીજ | ૧૨૦ | ૨૪૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૭૦૦ |
| ટામેટા | ૪૦૦ | ૬૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| દૂધી | ૧૨૦ | ૨૪૦ |
| કારેલા | ૬૦૦ | ૯૦૦ |
| ગલકા | ૪૨૦ | ૬૪૦ |
| કાકડી | ૩૪૦ | ૬૨૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૫૮૦ |
| વાલોળ | ૪૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૦૪૦ | ૧૧૦૦ |
| ચોળા લીલાં | ૪૪૦ | ૬૮૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| આમળા | ૪૦૦ | ૬૦૦ |
| તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૪૦ |
| હળદર લીલી | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૮૦૦ | ૮૫૦ |
| કોથમીર | ૧૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૩૨૦ | ૫૨૦ |
| ફુદીનો | ૬૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૪૪૦ | ૫૬૦ |
| બીટ | ૪૨૦ | ૭૮૦ |
| વાલ | ૭૨૦ | ૮૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૩૦૦ | ૩૩૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૮૦૦ |
| મરચા લાલ | ૫૪૦ | ૯૫૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૨૨૦ | ૨૪૦ |
| લસણ લીલુ | ૨૫૦૦ | ૩૦૦૦ |
| મકાઈ | ૨૮૦ | ૪૪૦ |
| લીંબુ | ૫૮૦ | ૮૪૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૩૨૧ | ૧૪૫૮ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૩૨ |
| ઘઉં ટુકડા | ૫૯૦ | ૭૨૪ |
| સિંગ ફાડીયા | ૮૫૦ | ૧૨૯૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૧ | ૧૨૨૧ |
| જીરૂ | ૩૮૫૧ | ૪૬૪૧ |
| કલંજી | ૧૯૦૧ | ૩૫૬૧ |
| ધાણા | ૯૫૧ | ૧૬૨૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૬૨૧ |
| તુવેર | ૧૦૫૧ | ૧૮૦૧ |
| મેથી | ૯૪૧ | ૧૧૩૧ |
| કાંગ | ૪૦૦ | ૧૧૫૧ |
| સફેદ ચણા | ૧૨૦૦ | ૨૫૫૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૭૫૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૬૮૧ |
| ડુંગળી સફેદ | ૧૮૬ | ૪૦૬ |
| બાજરો | ૩૬૧ | ૬૧૧ |
| મકાઇ | ૨૭૧ | ૫૩૧ |
| મગ | ૧૦૪૧ | ૧૭૨૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૫૧ |
| વાલ | ૬૦૧ | ૧૨૨૬ |
| ચોળા / ચોળી | ૭૦૧ | ૨૩૮૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૫૧ |
| ગોગળી | ૭૦૦ | ૯૨૧ |
| વટાણા | ૧૮૫૧ | ૧૯૫૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૧ | ૧૦૭૦ |
| શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૭૧ |
| શીંગ ગીરનાર | ૧૧૦૦ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૩૦ |
| તલ કાળા | ૪૩૦૦ | ૪૯૩૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૩૬૦ |
| કપાસ | ૧૩૨૨ | ૧૪૮૦ |
| ઘઉં લોકવન | ૫૩૫ | ૬૫૦ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૬૦ |
| બાજરો | ૪૩૦ | ૬૨૦ |
| જુવાર | ૪૭૦ | ૭૮૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૮૮ |
| ચણા | ૧૦૨૦ | ૧૪૪૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૪૩૮ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૮૧ |
| સુવાદાણા | ૧૦૦૦ | ૧૨૬૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૫ | ૧૪૯૨ |
| કપાસ મીડીયમ | ૧૧૪૦ | ૧૩૭૦ |
| મગફળી | ૧૦૮૪ | ૧૧૬૬ |
| મગફળી બી.ટી. | ૯૩૬ | ૧૦૭૪ |
| અડદ | ૧૧૪૫ | ૧૩૦૫ |
| ઘઉં | ૫૧૨ | ૬૩૨ |
| જીરૂ | ૪૦૧૦ | ૪૩૬૦ |
| સોયાબીન | ૭૮૮ | ૮૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૮૯ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૯૨ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૨૨ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૨૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૬૦ |
| મગફળી | ૫૦૦ | ૯૪૦ |
| ચણા | ૧૦૧૦ | ૧૩૦૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૨૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૨૬ |
| ચણા સફેદ | ૧૨૪૦ | ૧૨૪૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| લસણ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| શીંગદાણા | ૧૦૮૦ | ૧૧૫૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૦૦ | ૧૦૪૧ |
| તલ સફેદ | ૨૩૮૦ | ૨૩૮૦ |
| તલ પીળા | ૩૦૦૦ | ૩૨૨૬ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૫૬ |
| બાજરો | ૪૮૦ | ૬૬૦ |
| ઘઉં ટુકડા | ૪૭૨ | ૬૬૩ |
| જુવાર | ૭૭૧ | ૮૨૧ |
| મકાઈ | ૪૪૧ | ૫૫૧ |
| મગ | ૧૦૦૧ | ૧૮૦૧ |
| મઠ | ૧૦૦૧ | ૧૨૭૦ |
| અડદ | ૯૫૧ | ૨૦૦૦ |
| તુવેર | ૧૫૫૧ | ૧૫૫૧ |
| ચણા | ૮૦૦ | ૧૨૫૨ |
| એરંડી | ૮૦૦ | ૮૦૦ |
| ધાણા | ૧૩૯૦ | ૧૩૯૦ |
| મેથી | ૧૩૦૧ | ૧૩૦૧ |
| સોયાબીન | ૬૮૦ | ૭૮૧ |
| રાય | ૧૨૭૫ | ૧૨૭૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૧૩ |
| મગફળી | ૮૦૦ | ૧૦૫૨ |
| ઘઉં | ૫૨૨ | ૫૯૫ |
| ચણા | ૯૦૦ | ૧૨૬૫ |
| જુવાર | ૫૫૧ | ૬૦૧ |
| એરંડા | ૧૦૧૨ | ૧૦૧૨ |
| ધાણા | ૧૦૧૦ | ૧૨૬૫ |
| તલ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૬૧ |
| મગફળી | ૮૮૧ | ૧૧૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| બાજરો | ૪૯૦ | ૫૭૫ |
| ઘઉં | ૫૪૯ | ૬૨૮ |
| મગ | ૧૩૦૦ | ૧૫૭૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૨૫ |
| મઠ | ૯૦૦ | ૧૦૦૦ |
| ચોળી | ૨૨૦૦ | ૨૭૪૦ |
| ચણા | ૧૧૭૦ | ૧૨૮૦ |
| ચણા સફેદ | ૨૦૫૦ | ૨૨૫૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૭૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૨૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૯૬ |
| લસણ | ૨૦૦૦ | ૪૨૦૦ |
| જીરૂ | ૨૬૦૦ | ૪૪૫૫ |
| અજમો | ૧૯૦૫ | ૪૦૨૫ |
| ધાણા | ૧૩૦૦ | ૧૪૫૫ |
| ડુંગળી સૂકી | ૧૧૦ | ૫૦૦ |
| મરચા સૂકા | ૩૬૫ | ૨૭૮૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૨૧ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૧૩૦ | ૧૨૭૦ |
| શીંગ ૩૨ | ૯૨૦ | ૧૦૬૦ |
| શીંગ ૩૯ | ૯૦૦ | ૧૧૩૭ |
| શીંગ જી-૨૦ | ૧૦૧૦ | ૧૧૭૯ |
| એરંડા | ૧૦૨૯ | ૧૧૪૯ |
| જુવાર | ૭૨૦ | ૯૩૮ |
| મગ દેશી | ૧૫૦૧ | ૨૩૯૧ |
| ઘઉં ટુકડા | ૫૩૮ | ૭૦૯ |
| મકાઈ | ૬૭૮ | ૬૭૮ |
| અડદ | ૧૧૧૨ | ૧૬૫૦ |
| બાજરી | ૪૧૪ | ૬૧૭ |
| સોયાબીન | ૭૪૭ | ૭૮૮ |
| ચણા | ૧૦૩૭ | ૧૨૯૭ |
| તલ સફેદ | ૧૮૦૧ | ૨૪૭૫ |
| તલ કાળા | ૪૬૦૧ | ૪૬૦૧ |
| તુવેર | ૧૫૩૧ | ૧૫૬૫ |
| જીરૂ | ૪૯૦૧ | ૪૯૦૧ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૪૮૯ |
| ડુંગળી સફેદ | ૨૦૫ | ૪૨૨ |
| કપાસ શંકર | ૯૦૦ | ૧૪૪૭ |
| નાળીયેર | ૮૫૫ | ૨૪૬૧ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૬૧ | ૧૪૬૨ |
| મગફળી | ૯૫૦ | ૧૦૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૫૧ |
| ઘઉં | ૪૫૦ | ૬૨૧ |
| ચણા | ૮૦૦ | ૧૨૫૬ |
| અડદ | ૯૦૧ | ૧૬૦૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૫૬ |
| શીંગફાડા | ૯૦૦ | ૧૧૨૬ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૨૫૧ |
| મેથી | ૮૦૦ | ૯૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૫૧ |
| સોયાબીન | ૬૦૦ | ૮૪૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૧૧ | ૧૧૬૦ |
| મગફળી ૩૨ નં. | ૯૬૪ | ૧૦૪૯ |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૬૦૦ |
| ઘઉં | ૫૨૫ | ૬૬૬ |
| જુવાર | ૫૮૦ | ૭૮૮ |
| અડદ | ૯૦૦ | ૧૫૯૫ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૫૬ |
| સફેદ તલ | ૨૧૦૦ | ૨૪૦૪ |
| સોયાબીન | ૭૬૦ | ૮૫૦ |
| કપાસ | ૧૩૮૦ | ૧૪૫૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલી જિલ્લાના ધારી અને ખાંભાના ખેડૂતોને કૃષિની તાલીમ આપવામાં આવી

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લાના ધારી અને ખાંભા ગામના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી હતી. જેમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો અને બાગાયતી પાકોમાં પાક, પ્રાકૃતિક કૃષિનું મહત્વ આ વિષયો પર નિષ્ણાંતો દ્વારા વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ધારી ખાતે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને



અમરેલી આત્મા પ્રોજેક્ટ દ્વારા આયોજિત તાલીમનો ખેડૂતોએ લાભ લીધો હતો. આ તાલીમમાં પ્રાકૃતિક કૃષિના મહત્વના ઘટકરુપ જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, મિશ્ર પાક પદ્ધતિ વગેરેની માહિતી આપવામાં આવી હતી. આ તાલીમમાં ખાસ કરીને બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિના મહત્વ વિશે પણ વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. આ તાલીમમાં અમરેલી આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર એમ.ઝેડ. જીડ, નિવૃત્ત કૃષિ વૈજ્ઞાનિક ગોસ્વામી અને બાગાયત વિભાગના ચેતનભાઈ વસોયાએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ વિશે ખેડૂતોને માર્ગદર્શિત કર્યા હતા.

# વિજપડીમાં નેત્ર નિદાન કેમ્પ : ૧૧૧ દર્દીઓની તપાસ, ૪૦ દર્દીને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ ખસેડાયા

વિજપડી,તા.૨૬

વિજપડી ખાતે લોહાણા મહાજન વાડીમાં માધવ સેવા ટ્રસ્ટ દ્વારા રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટના સહયોગથી ૧૧૯મો નેત્ર નિદાન કેમ્પ સફળતાપૂર્વક યોજાયો હતો. આ કેમ્પનું ઉદ્‌ઘાટન રાજકોટના નિષ્ણાંત ડોક્ટર અને તેમની ટીમ તેમજ માધવ સેવાના સભ્યો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. કેમ્પ




દરમિયાન કુલ ૧૧૧ દર્દીઓની આંખની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૪૦ દર્દીઓને મોતિયો હોવાનું માલુમ પડ્યું હતું. આ તમામ ૪૦ દર્દીઓને નિઃશુલ્ક મોતિયાના ઓપરેશન માટે ખાસ વાહન દ્વારા રણછોડદાસજી હોસ્પિટલ, રાજકોટ લઈ જવામાં આવ્યા હતા. માધવ સેવા ટ્રસ્ટ દ્વારા કેમ્પમાં આવતા તમામ દર્દીઓ માટે ચા-પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી, તેમજ મોતિયાના ઓપરેશન માટે ગયેલા દર્દીઓ માટે બપોરના ભોજનની વ્યવસ્થા પણ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે વિજપડી ગામના વેપારીઓ, આગેવાનો અને બહારગામથી આવેલા મહેમાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ધોરાજી તાલુકાના ઉમરકોટ ગામે સરકારી ખરાબાની જમીનનાં દબાણો દૂર કર્યા

ધોરાજી, તા.૨૬

ધોરાજી તાલુકાના ઉમરકોટ ગામે સરકારી ખરાબાની જમીનનાં દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ ધોરાજી નાયબ કલેકટર નાગાજણ તરખાલા, ધોરાજી મામલતદાર ગોંડલીયા સહિતના અધિકારીઓની



ટીમે ધોરાજી તાલુકાના ઉમરકોટ ગામે સરકારી ખરાબાની જમીનનાં દબાણો દૂર કરી આશરે રૂપિયા ૧૦,૦૦,૦૦૦ની કિંમતની જમીન ખુલ્લી કરી હતી.

# ઉના બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય દ્વારા ૨૧ ડિસેમ્બરે પ્રથમ વિશ્વ ધ્યાન દિવસની ભવ્ય ઉજવણી



ઉના, તા.૨૬

ઉનામાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા ૨૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ પ્રથમ વિશ્વ ધ્યાન દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શહેરના વિવિધ વર્ગના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને ધ્યાનના અનુભવથી આધ્યાત્મિક જીવનનો પ્રારંભ કરવાનો સંકલ્પ લીધો હતો.

# શ્રી એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ' કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા. ૨૬

ગ્રાહક સુરક્ષા સપ્તાહ ઉજવણી અંતર્ગત શ્રી એસ. વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થિની બહેનોને ગ્રાહક સુરક્ષા અને ગ્રાહક જાગૃતિ અંગેનું માર્ગદર્શન ગ્રાહક સુરક્ષા મંડળ-સાવરકુંડલા દ્વારા આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગ્રાહક સુરક્ષા




મંડળના પ્રમુખ હિરાણી, પાંધી, હર્ષદભાઈ જોશી તેમજ કાનૂની શિબિરમાં એડવોકેટ કિરણબેન કાચા, શ્રદ્ધાબેન તથા રક્ષાબેન ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પુષ્પગુચ્છ આપી મહેમાનોને આવકારવામાં આવ્યા હતા.

# અમરેલીમાં જિલ્લા ભાજપ દ્વારા વીર બાળ દિવસ નિમિત્તે બૌધ્ધિક પરિસંવાદ યોજાયો

**આ કાર્યક્રમમાં ગુજરાત સરકારનાં પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલે હાજરી આપી**

અમરેલી, તા.૨૬

૨૬ ડિસેમ્બરને વીર બાળ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આ અનુસંધાને અમરેલી જિલ્લા ભાજપ દ્વારા અમરેલી ઓક્સફર્ડ સાયન્સ



સ્કૂલ ખાતે એક બૌધ્ધિક પરિસંવાદનું પણ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે ગુજરાત સરકારના પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલે હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાનાં વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ, વિવિધ એસોસિએશનના આગેવાનો, વેપારીઓ, ડોકટરો, વિદ્યાર્થીઓ તેમજ જિલ્લા ભાજપના હોદ્દેદારો, સાંસદ, ધારાસભ્યો, સ્થાનિક સ્વરાજના ચૂંટાયેલા તમામ પ્રતિનિધિઓ તેમજ તમામ મંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના અને ગીરગઢડામાં દેશી ગોળનું ઉત્પાદન શરૂ, રાબડાના ધમધમાટથી ખેડૂતોમાં આશાનું કિરણ

ઉના,તા.૨૬

ઉના અને ગીરગઢડા તાલુકામાં શેરડીના રાબડા ફરી એકવાર ધમધમવા લાગ્યા છે. આ વિસ્તારમાં સુગર ફેક્ટરી ધમધમતી હતી અને ખેડૂતો શેરડીના વાવેતરથી સારી એવી આવક મેળવતા હતા. પરંતુ સમય જતાં દુષ્કાળ અને અન્ય કારણોસર ઉનાની એકમાત્ર સહકારી સુગર ફેક્ટરી બંધ થઈ ગઈ. જેના



તસ્વીર : કૈલાસ ભટ્ટ

કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ પર અસર પડી .હાલમાં ખેડૂતો શેરડીનું વાવેતર તો કરે છે, પરંતુ તેમની આવકનો મુખ્ય આધાર ગોળ બનાવતા રાબડા પર રહેલો છે. શિયાળાની શરૂઆત થતાં જ ઉના અને ગીરગઢડા તાલુકાના ગામડાઓમાં રાબડા શરૂ થઈ જાય છે. અહીં બનતો દેશી ઢીલો ગોળ આરોગ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. આ ગોળ દેખાવમાં થોડો કાળો હોય છે, પરંતુ તેમાં કેમિકલનું પ્રમાણ ઓછું હોવાથી તે સ્વાસ્થ્ય માટે ઉત્તમ ગણાય છે. સુરત અને બારડોલીના બજારોમાં આ ગોળની સારી માંગ રહે છે, જો કે ત્યાં મુખ્યત્વે કડક અને પીળા રંગનો ગોળ બને છે.

# બાબરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા કોન્સ્ટેબલે આપઘાતનો કર્યો પ્રયાસ

અમરેલી, તા.૨૬

બાબરા પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા જયશ્રીબેન વાળાએ દવા પી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. મહિલા પોલીસકર્મીને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ અમરેલી ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં વિવિધ સેવાકીય સંસ્થાઓના આગેવાનો પણ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા



હતા. મહિલા પોલીસકર્મી હાલ સારવાર હેઠળ હોય પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. મહિલા પોલીસકર્મીએ સુસાઈડ નોટ લખી હોવાનું પણ આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં લાલ ચટાક મરચાંની મબલક આવક, ૪૫થી ૫૦ હજાર ભારીની આવક

ગોંડલ,તા.૨૬

ગોંડલ માર્કેટિંગ યાર્ડ, જે સૌરાષ્ટ્ર અને ગુજરાતનું અગ્રણી માર્કેટિંગ યાર્ડ ગણાય છે, ત્યાં આજે લાલ ચટાક મરચાંની મબલક આવક નોંધાઈ છે. યાર્ડમાં અંદાજે ૪૫ થી ૫૦ હજાર ભારી મરચાંની આવક થતાં યાર્ડ બહાર ૩ થી ૪ કિલોમીટર લાંબી વાહનોની લાઈનો લાગી ગઈ હતી. પરિણામે, યાર્ડના સત્તાધીશો દ્વારા વધુ જાહેરાત ન થાય ત્યાં સુધી મરચાંની આવક હાલ પૂરતી બંધ કરવામાં આવી છે. ગોંડલનું મરચું માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ અન્ય રાજ્યોના લોકોમાં પણ ખૂબ જ લોકપ્રિય છે. આજે થયેલી હરરાજીમાં મરચાંના સરેરાશ ૨૦ કિલોના ભાવ રૂ. ૧૦૦૦થી લઈને રૂ. ૩૮૦૦ સુધી બોલાયા હતા.

## ખેડૂતો મરચાંના પાકને સુકવીને લાવે

ગોંડલ પંથકમાં રેશમ પટ્ટો, ઘોલર મરચું, સાનિયા મરચું, રેવા, ૭૦૨, સિજેન્ટા, ઓજસ અને દેશી મરચાં સહિતની વિવિધ જાતોનું ઉત્પાદન થાય છે. યાર્ડના ચેરમેને ખેડૂતોને અપીલ કરી હતી કે તેઓ પોતાના મરચાંના પાકને સૂકવીને લાવે, જેથી તેમને વધુ સારો ભાવ મળી શકે. રાજસ્થાન, કર્ણાટક, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, કેરળ, મહારાષ્ટ્ર અને દિલ્હી જેવા રાજ્યોમાંથી વેપારીઓ ગોંડલ યાર્ડમાં મરચાંની ખરીદી કરવા આવે છે, જે ગોંડલના મરચાંની લોકપ્રિયતાનું પ્રમાણ છે.


**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૪૩/૨૦૨૪ તા.૨૧/૧૨/૨૦૨૪

વિવાદી :- શ્રી કાછડિયા ગોવિંદભાઈ પ્રાગજીભાઈ રે.માલવીયા પીપરીયા તા.લાઠી મો.૯૮૨૫૪૬૩૮૭૮
C/O વિપુલકુમાર.જે.ઓજા ૨-ગણેશ કોમ્પ્લેક્ષ એસ.ટી.બસ સ્ટેનડ પાસે લાઠી, મો.૯૪૨૬૪૫૬૭૭૫

વિરૂધ્ધ

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી મુ.માલવીયા પીપરીયા તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.માલવીયા પીપરીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રી ના ભાણેજ વર્ષાબેન જયંતિભાઈ સાવલીયા W/O રાજેશભાઈ ઠુંમર નો જન્મ તા.૧૪/૦૮/૧૯૭૯ ના રોજ માલવીયા પીપરીયા,તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ** કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૦/૧૦/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મ** નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ફેર મુદત તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી



**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૯૮/૨૦૨૪

પ્રતિ
શ્રી ડાયબેન બધાભાઈ સોસા
રહે.નાનાવાડા, તાલુકો- કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ..અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, નાનાવાડા તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના નાનાવાડા ગામના રહીશ શ્રી બધાભાઈ ખીમાભાઈ સોસા તથા શ્રી ડાયબેન બધાભાઈ સોસાના પુત્ર શ્રી અભુભાઈ બધાભાઈ સોસાનો જન્મ તા. ૦૧/૦૧/૧૯૭૭ માં કોડીનાર તાલુકાના નાનાવાડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના નાનાવાડા ગામના સને.૧૯૭૭ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર



**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૫૭/૨૦૨૪ તા.૨૧/૧૨/૨૦૨૪

વિવાદી :- શ્રી ભાવનાબેન D/O જાદવભાઈ સોલંકી
W/O મહેશભાઈ મીઠાપરા
C/O પ્રણવ એચ.જોષી ઠે.તાલુકા પંચાયત સામે, લાઠી

વિરૂધ્ધ

પ્રતિવિવાદીઃ- જન્મ -મરણ નોંધણી અધિકારી-વ-ચીફ ઓફીસરશ્રી નગરપાલિકા,લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.લાઠી ગામના રહીશ આ કામના અરજદારશ્રીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૫ ના રોજ લાઠી, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **જન્મની નોંધ કરાવેલ ન હોય/ જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ** કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૪/૦૮/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મ** નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ફેર મુદત તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી



**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૧૦૪/૨૦૨૪

પ્રતિ
શ્રી પરમાર સવિબેન રામસિંહભાઈ
રહે.ભુવાવાડા, તાલુકો- સુત્રાપાડા, જિલ્લો-ગીર સોમનાથ ..અરજદાર
વકીલશ્રી એસ.જે.મેર રહે.કોડીનાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વડનગર તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના ભુવાવાડા ગામના રહીશ શ્રી કરશનભાઈ રાઠોડ તથા શ્રી રાધાબેન કરશનભાઈ રાઠોડના પુત્ર શ્રી બાબુભાઈ કરશનભાઈ રાઠોડનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૯૫ માં કોડીનાર તાલુકાના વડનગર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના વડનગર ગામના સને.૧૯૯૫ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર



**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૬૯/૨૦૨૪ તા.૦૬/૧૨/૨૦૨૪

વિવાદી :- શ્રી નિતીનકુમાર રતીલાલ પિપળીયા રે.અમરેલી ઠે.ચકકરગઢ રોડ, સાઈનાથ મંદિર સામે, તા.જી.અમરેલી મો.૯૯૦૪૬૨૨૧૨૩
C/O વિપુલભાઈ.જે.ઓઝા, મુ.૨,ગણેશ કોમ્પલેક્ષ એસ.ટી. બસસ્ટેન્ડ પાસે મુ.લાઠી, જિ.અમરેલી મો.૯૪૨૬૪૫૬૭૭૫

વિરૂધ્ધ

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી મુ.પીપળવા, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.પીપળવા ગામે આ કામના અરજદારશ્રી નિતીનકુમાર રતીલાલ પિપળીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૨ ના રોજ મામાના નિવાસ સ્થાને પીપળવા, તા.લાઠી,જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ** કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૧૧/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મ** નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૬/૧/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

# મહારાષ્ટ્રના તમામ મંદિરોમાં એક સાથે સામૂહિક આરતી યોજાશે

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૬



મહારાષ્ટ્ર ટેમ્પલ ટ્રસ્ટ કાઉન્સિલે હિન્દુ સમાજને એક કરવા માટે એક મોટું પગલું ભર્યું છે. હવે રાજ્યના તમામ મંદિરોમાં એક દિવસ સામૂહિક આરતી કરવામાં આવશે. અઠવાડિયામાં એક દિવસ નક્કી કરવામાં આવશે કે જેના પર રાજ્યના તમામ મંદિરોમાં આરતી થશે. શિરડીમાં મહારાષ્ટ્ર ટેમ્પલ ટ્રસ્ટ કાઉન્સિલની ત્રીજી રાજ્યવ્યાપી બેઠક દરમિયાન, કાઉન્સિલમાં સામૂહિક આરતી કરવાનો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં મહારાષ્ટ્રના ૭૫૦ મુખ્ય મંદિરોના ૧ હજારથી વધુ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે રાજ્યના તમામ મંદિરોમાં ટૂંક સમયમાં સામૂહિક આરતી શરૂ કરવામાં આવશે. આ બેઠકમાં હિંદુ સમાજને એક કરવા, હિંદુ મંદિરોને સરકારના નિયંત્રણમાંથી મુક્ત કરવા સહિત અન્ય અનેક મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. શિરડીમાં યોજાયેલી બેઠકમાં લેવાયેલા નિર્ણયોનો અમલ આવતા સપ્તાહથી જોવા મળી શકે છે. મંદિરના વિવિધ મેનેજમેન્ટના ટ્રસ્ટીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ દર અઠવાડિયે સામૂહિક આરતી કરે.

# સદીના અંત સુધીમાં વિશ્વમાં સૌથી વધુ વસ્તી મુસ્લિમોની હશે

નવીદિલ્હી, તા.૨૬



તાજેતરમાં જ આરએસએસના વડા મોહન ભાગવતે વસ્તી વધારવાની અપીલ કરી હતી અને ઓછામાં ઓછા ત્રણ બાળકો રાખવાની હિમાયત કરી હતી. તેમણે કહ્યું હતું કે વર્તમાન વસ્તી ઘટી રહી છે જે ચિંતાનો વિષય છે. આ પૃષ્ઠભૂમિમાં, જો આપણે ભારતીય વસ્તી વિશે વાત કરીએ, તો હિંદુઓમાં સરેરાશ જન્મ દર સ્ત્રી દીઠ ૨.૫ બાળકો છે. તે ખ્રિસ્તીઓમાં ૨.૩ અને મુસ્લિમોમાં ૩.૨ છે. આંકડાઓ અનુસાર, હાલમાં ભારતમાં અંદાજે ૯૬ કરોડ હિંદુઓ અને ૧૭ કરોડ મુસ્લિમો છે. હાલમાં, વસ્તીની દ્રષ્ટિએ, વિશ્વમાં ખ્રિસ્તી ધર્મને અનુસરનારા લોકોની સંખ્યા સૌથી વધુ છે. બીજા નંબર પર ઈસ્લામ ધર્મનું નામ છે. મુસ્લિમોમાં ઉચ્ચ પ્રજનન દરને કારણે, પ્યુ રિસર્ચ સેન્ટરના અહેવાલ મુજબ, ઈસ્લામ વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું ધાર્મિક જૂથ છે. જો વસ્તીનું આ વલણ ચાલુ રહેશે, તો આ સદીના અંત સુધીમાં મુસ્લિમ વસ્તી ખ્રિસ્તીઓની સંખ્યાને વટાવી જશે. પ્યુ રિસર્ચ સેન્ટર અનુસાર, ૨૦૧૦ સુધીમાં વિશ્વમાં ૧.૬ અબજ મુસ્લિમો હતા. ૨૦૫૦ સુધીમાં આ વસ્તી વધીને ૨.૮ અબજ થઈ જશે. એશિયા પેસિફિક ક્ષેત્રમાં મહત્તમ ૭૨ ટકા મુસ્લિમ વસ્તી રહે છે.


# રાજદના ૧૨ નેતા એનડીએના સંપર્કમાં હોવાનું કેન્દ્રીય મંત્રી માંઝીનું નિવેદન

પટણા,તા.૨૬

બિહારમાં ચાલી રહેલ રાજકીય ઉથલપાથલ વચ્ચે કેન્દ્રીય મંત્રી અને એનડીએ ગઠબંધનના સહયોગી જીતન રામ માંઝીએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય જનતા દળના લગભગ ૧૨ નેતાઓ એનડીએના સંપર્કમાં છે. ટૂંક સમયમાં એનડીએ સાથે આવી શકે છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ સીએમ નીતિશ કુમારના નેતૃત્વમાં આગામી વિધાનસભા ચૂંટણી લડવા જઈ રહ્યું છે. કોઈપણ પક્ષ વચ્ચે મતભેદ નથી. તમે લોકો, અફવાઓ પર ધ્યાન ન આપો. તેજસ્વી યાદવના સવાલ પર કેન્દ્રીય મંત્રી માંઝીએ કહ્યું કે તેમની પાસે કોઈ મુદ્દો નથી. એટલા માટે તેઓ નિવેદનો આપતા રહે છે. તે પ્રબોધક નથી. તેની પાસે કોઈ આધાર નથી. સીએમ નીતિશ કુમાર બિહારને સારી રીતે ચલાવી રહ્યા છે. તેજસ્વી યાદવે કહ્યું કે ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણી સીએમ નીતિશ કુમાર માટે છેલ્લી ચૂંટણી હશે.

# ગુજરાતમાંથી હરિદ્વાર ગંગામાં સ્નાન કરવા ગયેલા પરિવારના ૨ બાળકોનું ડૂબી જતા મોત

(એચ.એસ.એલ),હરિદ્વાર,તા.૨૬



ઉત્તરાખંડના હરિદ્વારમાં એક હૃદયદ્રાવક ઘટના બની હતી. ગુજરાતના એક પરિવારના બે સગીર બાળકોના ગંગા નદીમાં ડૂબી જવાથી મોત થયા છે. પોલીસે જણાવ્યું કે આ અકસ્માત ઉત્તર હરિદ્વારના સપ્તર્ષિ વિસ્તારમાં સંતમત ઘાટ પર સવારે ૧૦ વાગ્યે થયો હતો. અકસ્માત બાદ પરિવારજનોના આંસુ રોકાતા નથી. ગુજરાતના તાપી જિલ્લાના બાજીપુરા ગામમાં રહેતા વિપુલભાઈ પવારનો પરિવાર ગંગામાં સ્નાન કરી રહ્યો હતો. દરમિયાન, પવારની ૧૩ વર્ષની પુત્રી પ્રત્યુષા અને ૭ વર્ષનો પુત્ર દર્શ અચાનક ગંગાના જોરદાર પ્રવાહમાં વહેવા લાગ્યા. ઘાટ પર હાજર પરિવારના સભ્યો અને અન્ય ભક્તો બાળકોને બચાવવા માટે દોડી આવ્યા હતા પરંતુ જોરદાર કરંટ અને ઉંડા પાણીના કારણે બંને બાળકો દૃષ્ટિથી ખોવાઈ ગયા હતા. ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ડાઈવર્સની મદદથી બાળકોને શોધવાનું શરૂ કર્યું હતું.

# નીતિશ કુમારને મહાગઠબંધનમાં જોડાવાની આરજેડીની ઓફર

(એચ.એસ.એલ),પટણા,તા.૨૬

બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા આરજેડીના એક ધારાસભ્યએ નીતિશ કુમારને મહાગઠબંધનમાં સામેલ થવાની ઓફર કરી છે. આરજેડી ધારાસભ્ય ભાઈ વીરેન્દ્રએ ખાગરિયામાં કહ્યું કે રાજકારણમાં કાયમી મિત્ર કે દુશ્મન નથી હોતા. રાજકારણ એ શક્યતાઓની રમત છે. ભાઈ વીરેન્દ્રએ કહ્યું કે સીએમ નીતિશ કુમારની જેડીયુએ સાંપ્રદાયિક શક્તિઓ છોડીને મહાગઠબંધનનો ભાગ બનવું જોઈએ. જો તેઓ ભાજપ છોડશે તો તેમને મહાગઠબંધનમાં સામેલ કરવા અંગે વિચારણા કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે રાજકીય પરિસ્થિતિ ક્યારે બદલાશે તે કોઈ જાણતું નથી. તાજેતરમાં જ તેજસ્વી યાદવે કહ્યું હતું કે NDAને ૪-૫ લોકોએ હાઈજેક કરી લીધું છે. મુખ્યમંત્રી કાર્યાલય પર ભાજપનો સંપૂર્ણ કબજો છે. બિહારમાં ભાજપે પહેલેથી જ જાહેરાત કરી દીધી છે કે આગામી વિધાનસભા ચૂંટણી નીતિશ કુમારના નેતૃત્વમાં જ લડવામાં આવશે.

# ટ્રૂડો સરકારે ભારતીય પ્રોફેશનલ્સને વધુ એક ઝટકો આપ્યો, ઈમિગ્રેશન એન્ટ્રી અંગેના નિયમોમાં ફેરફાર કર્યો

ઓટાવા,તા.૨૬



કેનેડાની ટ્રૂડો સરકારે કેનેડા જઈને નોકરી મેળવવા ઈચ્છતા ભારતીય પ્રોફેશનલ્સને મોટો ઝટકો આપ્યો છે. ખરેખર, કેનેડાની સરકારે તેની એક્સપ્રેસ ઈમિગ્રેશન સિસ્ટમમાં મોટા ફેરફારો કર્યા છે. આમાં, ઉમેદવારોની યોગ્યતા નક્કી કરતી વ્યાપક રેન્કિંગ સિસ્ટમના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવા નિયમો હેઠળ, જોબ ઓફર મેળવવા માટે ઉમેદવારોને કોઈ વધારાના ગુણ આપવામાં આવશે નહીં. નવા નિયમો વર્ષ ૨૦૨૫થી અમલમાં આવશે. કોમ્પ્રિહેન્સિવ રેન્કિંગ સિસ્ટમમાં ફેરફારો એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમ હેઠળ કાયમી ધોરણે કેનેડામાં સ્થળાંતર કરવાનો ઈરાદો ધરાવતા લોકોને અસર કરશે. આ નિયમો તેઓને પણ લાગુ પડશે જેઓ પહેલાથી જ કેનેડામાં અસ્થાયી રૂપે કામ કરી રહ્યા છે. કેનેડા સરકારે કહ્યું છે કે 'જ્યારે નવા નિયમો અમલમાં આવશે, ત્યારે તે એવા ઉમેદવારોને લાગુ પડશે જેમને નોકરીની ઓફર કરવામાં આવી છે, તેમજ ઉમેદવાર પૂલમાં નવા હોય તેવા ઉમેદવારોને પણ લાગુ પડશે.'

# ટ્રમ્પે ભારત સાથે ગડબડ કરનારા ટ્રૂડોને 'પાગલ ડાબેરી' ગણાવ્યા

વોશિંગ્ટન,તા.૨૬

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સાથે ગડબડ કરી રહેલા કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોને તેમની યોગ્યતા બતાવવાનું શરૂ કર્યું છે. ટ્રમ્પે નાતાલના આગલા દિવસે ટ્રૂડોને 'ડાબેરી પાગલ' પણ કહ્યા હતા. કેનેડા પર ઊંચા ટેરિફ લાદવાની પણ ધમકી આપી હતી. ટ્રમ્પે ફરી એકવાર ટ્રૂડોને સૂચન કર્યું કે જો તેઓ કેનેડાને અમેરિકા સાથે મર્જ કરે તો સારું રહેશે. અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિએ તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જાહેર કરેલા એક સંદેશમાં ફરીથી કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવવાની ઓફર કરી છે. તેમણે કહ્યું કે જો ટ્રૂડો આવું કરશે તો તેમને જ ફાયદો થશે અને અમેરિકા ૬૦ ટકા સુધી ટેક્સમાં છૂટ આપશે. આનાથી કેનેડાની અર્થવ્યવસ્થાને બમણું પ્રોત્સાહન મળશે. એટલું જ નહીં, તેણે ટ્રૂડોને કેનેડાના ગવર્નર બનાવવાની ઓફર પણ કરી હતી.

# સ્થાનિક શેરબજાર સપાટ બંધ, સેન્સેક્સ ૭૮,૫૦૦ની નીચે

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૬

વૈશ્વિક સંકેતો વચ્ચે ગુરુવારે સ્થાનિક શેરબજાર સપાટ બંધ રહ્યું હતું. લાંબા સમયથી બજારમાં પ્રવર્તી રહેલી સુસ્તીના કારણે રોકાણકારોનો ઉત્સાહ ઠંડો પડી ગયો છે. કારોબારના અંતે બોમ્બે સ્ટોક એક્સચેન્જ સેન્સેક્સ ૦.૩૯ પોઈન્ટ ઘટીને ૭૮,૪૭૨.૪૮ ના સ્તરે બંધ થયો હતો. જોકે નિફ્ટી ૨૨.૫૫ પોઈન્ટના વધારા સાથે ૨૩૭૫૦.૨૦ ના સ્તર પર બંધ રહ્યો હતો. નિફ્ટી બેન્કમાં ૬૨.૩ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો અને તે ૫૧,૧૭૦.૭૦ના સ્તરે રહ્યો હતો. આજના ટ્રેડિંગ દરમિયાન નિફ્ટી પર અદાણી પોર્ટ્સ, શ્રીરામ ફાઈનાન્સ, M&M, મારુતિ સુઝુકી, એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સમાં મોટો ઉછાળો હતો, જ્યારે ટાઈટન કંપની, એશિયન પેઈન્ટ્સ, નેસ્લે, જેએસડબ્લ્યુ સ્ટીલ, ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝમાં ઘટાડો નોંધાયો હતો. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો સપાટ બંધ રહ્યા હતા. સેક્ટોરલ મોરચે ઓટો, એનર્જી, ફાર્મા, રિયલ્ટી, પીએસયુ બેંકમાં ખરીદારી જોવા મળી હતી, જ્યારે મેટલ, એફએમસીજી, મીડિયામાં વેચવાલી જોવા મળી હતી. રોકાણકારો યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજ દરના નિર્ણયો અને ટ્રમ્પની ટેરિફ નીતિઓ પર નજર રાખતા હોવાથી, હોલિડે ટ્રેડિંગ દરમિયાન વૈશ્વિક સંકેતો શાંત રહ્યા હતા.

# અયોધ્યામાં ૧ જાન્યુઆરીથી રામલલાના દર્શનનો સમયગાળો એક કલાક વધી જશે

(એચ.એસ.એલ),અયોધ્યા,તા.૨૬

રામનગરીમાં ભક્તોની ભીડ ઝડપથી વધી રહી છે. બુધવારે સાંજે ૭ વાગ્યા સુધી ૧.૦૫ લાખ ભક્તો રામલલાના દરબારમાં હાજરી આપી ચૂક્યા છે. ૨૫મી ડિસેમ્બરે નાતાલની રજાના કારણે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અયોધ્યા પહોંચ્યા હતા. સ્થિતિ એવી હતી કે વીઆઈપી દર્શન માટેના તમામ સ્લોટ સવારે ૧૧:૦૦ વાગ્યા સુધીમાં ભરાઈ ગયા હતા. નવા વર્ષ એટલે કે ૧લી જાન્યુઆરીએ પણ ભક્તોની ભારે ભીડ થવાની સંભાવના છે. તેને જોતા ૧ જાન્યુઆરીએ રામ મંદિર ટ્રસ્ટ રામલલાના દર્શનનો સમયગાળો એક કલાક વધારવાની યોજના બનાવી રહ્યું છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય ડો.અનિલ મિશ્રાએ જણાવ્યું કે, પ્રયાગરાજ આવતા ભક્તોની સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટે નિર્ણય લીધો છે કે ૧ જાન્યુઆરીથી રામલલાના દર્શનનો સમય એક કલાક વધારવામાં આવશે.

# ઈન્ડિયા ગઠબંધનમાંથી કોંગ્રેસને બાકાત કરવા આપ અન્ય પક્ષો સાથે ચર્ચા કરશે

નવીદિલ્હી,તા.૨૬



કોંગ્રેસને લઈને આમ આદમી પાર્ટીના નેતાઓમાં ભારે નારાજગી છે. આપના સૂત્રોએ જણાવ્યું છે કે આમ આદમી પાર્ટી ભારતીય ગઠબંધનમાંથી કોંગ્રેસને બહાર કરવા માટે અન્ય પક્ષો સાથે વાત કરશે. આપનું કહેવું છે કે કોંગ્રેસ ભાજપ સાથે મળીને કામ કરી રહી છે. અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ એફઆઈઆરની માંગણી અને કોંગ્રેસના નેતાઓના નિવેદનોને લઈને આમ આદમી પાર્ટીના નેતાઓમાં નારાજગી છે. રાજ્ય યુથ કોંગ્રેસના અધ્યક્ષ એડવોકેટ અક્ષય લાકરાએ આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ અને પાર્ટી સાથે જોડાયેલા અન્ય સભ્યો પર ગંભીર આરોપ લગાવ્યા છે અને તેમની વિરુદ્ધ એફઆઈઆર નોંધવાની માંગ કરી છે. આ અંગે તેમણે સંસદ માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અક્ષય લાકરાએ આરોપ લગાવ્યો છે કે આમ આદમી પાર્ટીએ મુખ્યમંત્રી મહિલા સન્માન યોજનાના નામે દિલ્હીના લોકોને ગેરમાર્ગે દોર્યા છે.

# દિલ્હીની જામા મસ્જિદની નીચે પણ મંદિર મળશે : સાધ્વી પ્રાચી

(એચ.એસ.એલ),મથુરા,તા.૨૬

વૃંદાવનમાં સાધ્વી પ્રાચીએ કહ્યું કે શ્રી રામલલાનું મંદિર પાંચસો વર્ષના બલિદાન અને સંઘર્ષ પછી મળ્યું છે, પરંતુ મથુરામાં ભગવાન શ્રી કૃષ્ણના ભવ્ય મંદિર માટે હિન્દુઓને લાંબા સમય સુધી સંઘર્ષ કરવો પડશે નહીં. સંભવતઃ ૨૦૨૭ સુધીમાં મથુરામાં ભગવાન કૃષ્ણનું ભવ્ય મંદિર બનાવવામાં આવશે. ઠાકુર બાંકે બિહારી મંદિરમાં આરાધ્યાના દર્શન કર્યા બાદ તેમણે આ વાત કહી. તેમણે મંદિરમાં દેવતાના દર્શન કર્યા હતા અને પૂજા અર્ચના કરી હતી. તેમણે કહ્યું કે દેશમાં ભાઈચારાની વાત કરનારાઓને પાકિસ્તાન મોકલી દેવા જોઈએ. કારણ કે ભારત હિંદુઓનું છે. સંભલના મુદ્દે તેમણે કહ્યું કે સત્ય બહાર આવી રહ્યું છે. માત્ર સંભલમાં જ નહીં, દિલ્હીની જામા મસ્જિદની નીચે પણ એક મંદિર જોવા મળશે. તેમણે વૃંદાવનમાં ગૌ રક્ષકો પરના લાઠીચાર્જની નિંદા કરી અને તેને ખોટું ગણાવ્યું.

# પ્રથમ દિવસની રમતના અંત સુધીમાં ઓસ્ટ્રેલિયાના ૬ વિકેટ ગુમાવીને ૩૧૧ રન

મેલબોર્ન,તા.૨૬



ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચની ટેસ્ટ શ્રેણીની ચોથી મેચ મેલબોર્નમાં રમાઈ રહી છે. આ મેચમાં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો અને પ્રથમ દિવસની રમતના અંત સુધીમાં તેણે ૬ વિકેટ ગુમાવીને ૩૧૧ રન બનાવ્યા હતા. આ મેચ દરમિયાન ટીમ ઈન્ડિયાનો સ્ટાર ખેલાડી વિરાટ કોહલી ઓસ્ટ્રેલિયાના યુવા બેટ્સમેન સેમ કોન્સ્ટાસ સાથે ટકરાતો જોવા મળ્યો હતો. વિરાટ કોહલી માટે હવે આમ કરવું મુશ્કેલ બન્યું છે. ક્રિકબઝના અહેવાલ મુજબ, આઈસીસીએ તેની મેચ ફીના ૨૦% દંડ ફટકાર્યો છે. તેને એક ડીમેરિટ પોઈન્ટ પણ આપવામાં આવ્યો છે. છેલ્લા ૨૪ મહિનામાં કોહલીનો આ પહેલો ડીમેરિટ પોઈન્ટ છે. આવી સ્થિતિમાં તેમને કોઈ ખાસ નુકસાન નહીં થાય.ઓસ્ટ્રેલિયન ઈનિંગ્સની ૧૦ ઓવર પૂરી થયા બાદ જ્યારે ખેલાડીઓ બીજા છેડા તરફ જઈ રહ્યા હતા, તે જ સમયે કોહલી, જેના હાથમાં બોલ હતો, તે પીચની બાજુથી જતો રહ્યો હતો બીજી બાજુથી આવતા સેમ કોન્સ્ટાસ તેના પર પડ્યો હતો અને તે કોહલીના ખભા સાથે અથડાયો હતો.

# અભિનેત્રી શ્રુતિ હાસનને લગ્નને બદલે રિલેશનશિપમાં રહેવાનું પસંદ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૬




શ્રુતિ હાસન પોતાની પર્સનલ લાઈફને લઈને અવારનવાર હેડલાઈન્સમાં રહે છે. તેને હંમેશા લગ્નને લઈને પ્રશ્નો પૂછવામાં આવે છે. હવે આખરે અભિનેત્રીએ આ સવાલોના જવાબ આપ્યા છે. તેણે તાજેતરમાં જ સ્પષ્ટ કર્યું હતું કે તે લગ્નને બદલે રિલેશનશિપમાં રહેવાનું પસંદ કરે છે. જ્યારે શ્રુતિને તેના લગ્ન ન કરવાના નિવેદન વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે તેનો જવાબ આપતા ફરીથી તેની સ્થિતિ સ્પષ્ટ કરી. શ્રુતિએ કહ્યું, 'મને ખબર નથી. મને સંબંધો ગમે છે અને મને રોમાન્સ પણ ગમે છે. મને રિલેશનશિપમાં રહેવું ગમે છે, પરંતુ કોઈની સાથે આટલું અટેચ થવાથી મને થોડો ડર લાગે છે.' ઘણા સફળ લગ્નો જોયા, છતાં મારો દૃષ્ટિકોણ બદલાયો નહીં. શ્રુતિએ એમ પણ કહ્યું કે લગ્ન પ્રત્યેનો તેમનો અભિગમ તેમની અંગત માન્યતાઓ પર આધારિત છે અને ભૂતકાળના કોઈ અનુભવો પર આધારિત નથી. તેણે એમ પણ કહ્યું કે તેણે તેના મિત્રોના સફળ લગ્ન જોયા છે, પરંતુ આ સકારાત્મક ઉદાહરણો હોવા છતાં તેનો દ્રષ્ટિકોણ બદલાયો નથી. આ પહેલીવાર નથી જ્યારે શ્રુતિએ લગ્ન પર વાત કરી હોય. એકવાર ઈન્સ્ટાગ્રામ પર એક પ્રશંસકે તેને તેના લગ્નની યોજના વિશે પૂછ્યું, તો તેણે મજાકમાં જવાબ આપ્યો, 'તે પ્રશ્ન પૂછવાનું બંધ કરો.' શ્રુતિએ થોડા સમય પહેલા તેના બોયફ્રેન્ડ સંતનુ હજારિકા સાથેના સંબંધોનો અંત લાવ્યો હતો. કહેવાય છે કે બંને લિવ-ઈન રિલેશનશિપમાં હતા.

### કાંકરિયા કાર્નિવલમાં વિલન બન્યો વરસાદ

# અમદાવાદ પૂર્વ વિસ્તારમાં વરસાદ, રાજ્યના ૨૦ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી

અમદાવાદ, તા.૨૬

ઉત્તર-પશ્ચિમ મધ્યપ્રદેશ પર સર્જાયેલ સાઈક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ભરશિયાળે અષાઢના એંધાણ હવામાન વિભાગે વ્યક્ત કર્યા છે. આજથી ત્રણ દિવસ, એટલે કે ૨૬, ૨૭ અને ૨૮ ડિસેમ્બરે રાજ્યમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદના રાઉન્ડની આગાહી કરી હતી, ત્યારે



અમદાવાદમાં મોડી સાંજે મણિનગર, ઈસનપુર સહિત પૂર્વ વિસ્તારમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. અચાનક વરસાદ વરસતા કાંકરિયા કાર્નિવલમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. જ્યારે આજે છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગમાં બરફના કરાં વરસી શકે છે. અહીં વીજળીના ચમકારાનું ઓરેન્જ એલર્ટ પણ આપવામાં આવ્યું છે. ૩ દિવસ સુધી રાજ્યના છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ, એટલે કે ૨.૫ મિમીથી માંડીને અઢી ઈંચ સુધીનો વરસાદ પડે એવી વકી છે. બીજી તરફ શિયાળુ પાકને લઈને ખેડૂતો ભારે મુસીબતમાં મુકાયા છે.

# બગસરા-સુરત બસ ખાખરીયા પાસે પલટી ખાઈ જતાં ૧૫ મુસાફરોને ઈજા

અમરેલી, તા.૨૬

બગસરાથી વડીયા જઈ રહેલી એસ.ટી.બસ વડીયા તાલુકાના ખાખરીયા પાસે ગોળાઈમાં પલટી ખાઈ જતાં ૨૦ મુસાફરોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. બપોરનાં ૫:૩૦ આસપાસ બગસરાથી સુરત જઈ રહેલી બસનાં ડ્રાઈવરે ગોળાઈ પાસે કાબુ ગુમાવી દીધો હતો અને એસ.ટી.બસ



પલ્ટી ખાઈ ગઈ હતી. બસની અંદર મુસાફરી કરી રહેલા રેશ્માબેન આદમાણી રહે.વડીયા, ઈદ્રીશભાઈ આદમાણી રહે. વડીયા, સાદીયાબેન આદમાણી રહે.વડીયા અને ડ્રાઈવર રાજાભાઈ નુણને ઈજા થઈ હતી. જેમાંથી બે પેસેન્જરને જેતપુર અને એક પેસેન્જરને અમરેલી ખાતે સારવાર અર્થે રીફર કરાયા હતા. ઘટનાની જાણ થતાં જ મામલતદાર, પીએસઆઈ સહિતના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાનિ ન થતાં મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# મોરબીમાં પ્રેમ પ્રકરણમાં ખૂની ખેલ ખેલાયો, પતિએ પ્રેમિકા સાથે મળી પત્નીને મોતને ઘાટ ઉતારી

(એચ.એસ.એલ),મોરબી,તા.૨૬

મોરબીમાં વધુ એક હત્યાની ઘટના સામે આવી છે, આ વખતે પ્રેમ પ્રકરણમાં એક હત્યા થઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. પરણેલા પ્રેમીએ પ્રેમિકા સાથે મળી પોતાની જ પત્નીની ગળુ દબાવીને હત્યા કરી નાખી હતી, અને બાદમાં તેના મૃતદેહને સંતાડવા જતાં પકડાઈ ગયા હતા. હાલમાં બન્નેની પોલીસે ધરપકડ કરી લીધી છે.

મોરબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર, ઘટનાની વિગતો એવી છે કે, રાહુલ રેવાલી નામની યુવતીના પ્રેમમાં પાગલ હતો, રાહુલ પહેલાથી પાયલ ઉર્ફે રાની નામની યુવતી સાથે પરણેલો હતો. રાહુલ નાયક અને રેવાલીના પ્રેમ પ્રકરણની જાણ પાયલને થઈ ગઈ હતી, અને રાહુલ નાયક રેવાલીને બીજી પત્ની તરીકે પોતાના ઘરમાં રાખવા માંગતો હતો, પરંતુ આ વાત પાયલ ઉર્ફે રાનીને ગમતી ન હતી.

# અમદાવાદ-રાજકોટ હાઈવે પર ૪ વાહનો વચ્ચે અકસ્માત, બે લોકોનાં મોત થયા

અમદાવાદ,તા.૨૬

અમદાવાદ-રાજકોટ હાઈવે પર વધુ એક અકસ્માતની ઘટના બની છે. ભમાસરા ગામ નજીક એક સાથે ચાર વાહનો અથડાયા હતા. જેના કારણે વાહનોમાં ભીષણ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં બે લોકોના મૃત્યુ નિપજ્યા હતા અને ત્રણ ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પી.એમ. અર્થે ખસેડીને વધુ તપાસ હાથ ધરી હતી. મળતી



માહિતી અનુસાર, અમદાવાદ-રાજકોટ હાઈવે પર ભમાસરા ગામ નજીક રાજકોટથી અમદાવાદ આવતા આઈસર ચાલકે કાબૂ ગુમાવ્યો હતો. તે ડિવાઈડર કૂદી અન્ય વાહનો સાથે અથડાયું હતું. આઈસર સીએનજી હોવાથી તેમાં આગ લાગી હતી. જ્યારે અન્ય ત્રણ વાહનો પણ આગની ઝપેટમાં આવી ગયા હતા. જેમાં બે લોકોના મૃત્યુ નિપજ્યા હતા અને ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

# ભાવનગરમાં સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડા, ૧૪૦૦થી વધુ લીટર દારૂનો જથ્થો ઝડપાયો

ભાવનગર,તા.૨૬

ભાવનગર શહેરમાં રહેણાંકી ઘરમાં દેશી દારૂનો હાટડો ચાલતો હતો. ત્યારે સ્થાનિક પોલીસની જાણ બહાર સ્ટેટ મોનિટરિંગ સેલે શહેરમાં રહેણાંકી ઘરમાં ઘૂસીને લાખોનો દેશી દારૂ પકડી લીધો હતો. પોલીસે મહિલા સહિત કુલ સાત સામે ફરિયાદ નોંધાવી છે. ભાવનગર શહેરમાં સ્થાનિક પોલીસ સુતી રહી અને સ્ટેટ મોનિટરિંગ સેલે ઘરમાં ઘૂસીને વિદેશી નહીં પરંતુ દેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. રેડ કર્યાની સાથે જ પોલીસે એક મહિલા સહિત પાંચ પુરુષોને ઝડપી ભાવનગર શહેરની બોરતળાવ પોલીસને જાણ કરી હતી ત્યારબાદ ગુનો નોંધાવ્યો હતો. ભાવનગર શહેરમાં સ્ટેટ મોનિટરિંગની ટીમ તપાસમાં હતી ત્યારે મળેલી બાતમીને આધારે શહેરના કુંભારવાડા વિસ્તારમાં અવેડા પાસે રહેતા ઝુબેદાબેન શેખના ઘરે રેડ કરી હતી. રેડ દરમિયાન દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આ સાથે પાંચ શખ્સો પણ ઝડપાયા હતા. આથી બોરતળાવ પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા એક મહિલા સહિત છ પુરુષ મળી કુલ સાત સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. સ્ટેટ મોનિટરિંગ સેલની નોંધાવેલી પોલીસ ફરિયાદ પ્રમાણે, કુંભારવાડામાં નારી રોડ ઉપર આવેલા અવેડા પાસે રહેતા બુટલેગર મહિલા ઝુબેદાબેનના ઘરે રેડ કરતા તેના ઘરેથી તેના ભાગીદાર રસુલ ઘાંચી પણ મળી આવ્યો હતો. જો કે ઘરમાં તપાસ કરતા ૨૭૨ જેટલા બુગીયા અને પાંચ બાચકા દેશી દારૂના મળી આવ્યા હતા. આમ કુલ ૧૪૬૦ લીટર ૨.૯૨ લાખનો દારૂ અને પાંચ મોબાઈલ મળી ૩.૪૩ લાખનો મુદ્દામાલ કબજે લઈ બોરતળાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે કુંભારવાડામાં કરેલી રેડ દરમિયાન ઝુબેદાબેન શેખ અને રસુલ ઘાંચી તેમજ યાકુબ શેખ, સુરેશભાઈ ચૌહાણ, મહેબૂબ શેખ, સાહિલ શેખ મળી આવ્યા હતા. જ્યારે એક શખ્સ શંકર કોળીને ઝડપવાનો બાકી છે. ત્યારે ફરિયાદ નોંધાવી મુદ્દામાલ સોંપીને આગળની કામગીરી બોરતળાવ પોલીસને સોંપી હતી.






# અમદાવાદમાં ગર્ભવતી પરિણીતાએ લેસ્બિયન સંબંધમાં પતિને છોડ્યો

અમદાવાદ,તા.૨૬

થોડા દિવસો પહેલા ગુજરાતના અમદાવાદના એક કિસ્સાએ બધાને ચોંકાવી દીધા હતા. પતિએ પત્નીના ગુમ થયા બાદ ગુજરાત હાઈકોર્ટમાં ગુહાર લગાવી હતી. સાત મહિનાનો ગર્ભ ધરાવતી પત્ની તેની નાનપણની બહેનપણી સાથે જતી રહી હોવાના ગંભીર આક્ષેપ કરતી હેબિયર્સ કોર્પસ અરજી એક પતિ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. જેમાં જસ્ટિસ એ.વાય.કોગજે અને જસ્ટિસ સમીર જે.દવેની ખંડપીઠે રાજ્ય સરકાર, શહેર પોલીસ કમિશનર, ચાંદખેડા પીઆઈ, લાપતા પત્નીની બહેનપણી સહિતના પક્ષકારોને નોટિસ જારી કરી હતી. જોકે, પરિણીતાએ પતિ પાસે પાછા ન જવાનો નિર્ણય લીધા પછી "લેસ્બિયન" મિત્ર પાસેથી સગર્ભા પત્નીની કસ્ટડી માંગતી પતિની અરજીને ફગાવી દેવામાં આવી છે. હાઈકોર્ટમાં એક પતિએ પત્નીની "લેસ્બિયન" મિત્ર પાસેથી કસ્ટડી માંગતી અરજી કરી હતી. પરંતુ પત્નીએ મહિલા મિત્ર સાથે જ રહેવાનો અને પતિ પાસે પાછા ન જવાનો નિર્ણય લીધા પછી હાઈકોર્ટે આ અરજી ફગાવી દીધી છે. ચાંદખેડાના રહેવાસીએ ગયા અઠવાડિયે દાખલ કરેલી હેબિયસ કોર્પસ અરજીના જવાબમાં, શહેર પોલીસે સોમવારે આ વ્યક્તિની પત્નીને કોર્ટમાં રજૂ કરી હતી. ન્યાયાધીશો દ્વારા પૂછપરછ પર, મહિલાએ તેના પતિ પાસે પાછા ફરવાનો ઈનકાર કર્યો હતો.






# જામનગરના જશાપરમાં હિન્દુ સેનાએ ક્રિશ્ચિયન મિશનરીનો કાર્યક્રમ બંધ કરાવ્યો

જામનગર,તા.૨૬

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના જશાપર ગામમાં બુધવારે નાતાલની ઉજવણીના બહાને ક્રિશ્ચિયન મિશનરીઓ દ્વારા મોટા પાયે ધર્માંતરણની શંકાસ્પદ પ્રવૃત્તિ ચાલી રહી હોવાની ચિંતાજનક માહિતી મળતાં હિન્દુ સેના દ્વારા તાત્કાલિક દોડી જઈ કાર્યક્રમને રોકાવી દઈ આવી પ્રવૃત્તિ બંધ કરવા માટેની કાર્યવાહી કરવામાં આવી હતી. મિશનરીઓ દ્વારા સ્થાનિક મજૂરો અને નાના કામના લોકોને એકત્રિત કરી મોટી પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું, અને આ પાર્ટી દ્વારા ધર્માંતરણની શંકાસ્પદ પ્રવૃત્તિ ચાલી રહી હોય તેવી આશંકા વ્યક્ત કરાઈ હતી. આ બાબતે ગુજરાત હિન્દુ સેનાના પ્રમુખ પ્રતીક ભટ્ટને જાણ કરવામાં આવતાં તેમણે તાત્કાલિક ધ્રોલ હિન્દુ સેનાના પ્રમુખ ગૌરવભાઈ મહેતાને સ્થળ પર પહોંચી કાર્યવાહી કરવા જણાવ્યું હતું. ગૌરવભાઈ મહેતા અને તેમની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી આ કાર્યક્રમ બંધ કરાવ્યો હતો, અને ધર્માંતરણની શંકાસ્પદ પ્રવૃત્તિ અટકાવી હતી.











